Thursday
29.10.2026
*Volume :11 * Issue No.117
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઈમર્જિંગ સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઈનોવેશન કોક્લેવ ૨૦૨૬નું ઉદ્ઘાટન કર્યું



વિકસિત ભારતનું નિર્માણ વૈજ્ઞાનિક સંશોધન, શોધો અને ઈનોવેશનની ભાવનાના મજબૂત પાયા પર કરવામાં આવશે: પ્રધાનમંત્રી

ભારતે ઈનોવેશન કરવું જોઈએ અને આવતીકાલની ટેકનોલોજીને આકાર આપવામાં વિશ્વનું નેતૃત્વ કરવું જોઈએ: પ્રધાનમંત્રી

એઆઈ (AI) ઝડપી જવાબો આપી શકે છે, પરંતુ તેને ચકાસવા આવશ્યક છે: પ્રધાનમંત્રી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઈમર્જિંગ સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઈનોવેશન કોક્લેવ ૨૦૨૬ નું ઉદ્ઘાટન કર્યું હતું. કોક્લેવને સંબોધિત કરતા, પ્રધાનમંત્રીએ દિવસના પ્રારંભમાં સ્ટાર્ટઅપ સ્થાપકો સાથેના જીવંત વાર્તાલાપ પછી પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેમણે રાષ્ટ્રના યુવાનોના વ્યાપક દ્રષ્ટિકોણ અને દ્રઢ સંકલ્પની પ્રશંસા કરી હતી. "ભારતના યુવાનો જે સ્કેલ પર વિચારી રહ્યા છે અને જે આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યા છે તે ઉત્સાહવર્ધક છે," શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી. કોક્લેવની અગાઉની આવૃત્તિમાં પોતાની સહભાગીતાને યાદ કરતા, પ્રધાનમંત્રીએ પાછલા દાયકાઓની સરખામણી કરી, જ્યારે ભારતે વર્ષો પછી વિદેશી નવીનતાઓને અપનાવીને કેસુધારીને માત્ર પાછળ રહેવાની ભૂમિકા ભજવી હતી, તેની સામે ૨૧મી સદીના ભારતની નવી માનસિકતા સાથે વિરોધાભાસ દર્શાવ્યો હતો જેનો ઉદ્દેશ્ય મૂળ તકનીકો બનાવવાનો, વૈશ્વિક દિશાઓ નક્કી કરવાનો અને વિશ્વવ્યાપી પડકારોનો ઉકેલ લાવવાનો છે. રાષ્ટ્રે પોતાની વસ્તીને રસી આપવા અને અન્ય દેશોને સપ્લાય કરવા માટે સ્વદેશી કોવિડ-૧૯ રસીઓ વિકસાવવા સાથે પોતાના પ્રથમ પ્રયાસમાં મંગળ પર પહોંચવા અને અજાણ્યા ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરવાનો સંદર્ભ આપતા, તેમણે દેશ માટે એક સાહસિક તકનીકી દ્રષ્ટિકોણની રૂપરેખા આપી. "ભારતે ભવિષ્યની ટેકનોલોજીને અપનાવવી જોઈએ, હિંમતપૂર્વક ઈનોવેશન કરવું જોઈએ અને તેને બનાવવામાં વિશ્વનું નેતૃત્વ કરવું જોઈએ," પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. શૂન્ય અને સંખ્યા પદ્ધતિની શોધથી લઈને ખગોળશાસ્ત્ર સુધીની શોધના ભારતના સમૃદ્ધ વારસા પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે દેશ આ વૈજ્ઞાનિક વારસાને આધુનિક ટેકનોલોજી અને નવા આત્મવિશ્વાસ સાથે આગળ ધપાવી રહ્યો છે, જે પાછલા વર્ષ દરમિયાન મેળવેલી

અનેક સિદ્ધિઓ દ્વારા દર્શાવાય છે. રાષ્ટ્ર ૩૦ ઓક્ટોબરે ડૉ. હોમી જહાંગીર ભાભાની જન્મજયંતિ ઉજવવા જઈ રહ્યું છે, ત્યારે તેમણે પરમાણુ ક્ષેત્રથી તાજેતરની બ્રેકથ્રુસની સમીક્ષા શરૂ કરવાનું પસંદ કર્યું. "તેથી, ચાલો આપણે પરમાણુ ઊર્જાથી શરુ કરીએ," શ્રી મોદીએ ટિપ્પણી કરી. વિકસિત ભારત નિર્માણ માટે વિશાળ પરમાણુ ઊર્જા ક્ષમતાની જરૂરિયાત પર ભાર મૂકતા અને આયાતી પરમાણુ બળતણ પરની નિર્ભરતા ઊર્જા સુરક્ષા માટે પડકાર ફેંકે છે તે દર્શાવતા, પ્રધાનમંત્રીએ નોંધ્યુંહતું કે રાષ્ટ્ર તેની ફાસ્ટ બ્રીડર રિએક્ટર ટેકનોલોજીને ઝડપથી આગળ ધપાવી રહ્યું છે. તેમણે યાદ અપાવ્યું કે થોડા મહિનાઓ પહેલા જ, સ્વદેશી ૫૦૦-મેગાવોટ પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટરે સફળતાપૂર્વક ફર્સ્ટ ક્રિટિકાલિટી હાંસલ કરી હતી. "પરમાણુ ઊર્જા ક્ષેત્રો આપણી દીર્ઘકાલીન શક્તિઓને મજબૂત બનાવવાની દિશામાં આ એક મોટું પગલું છે," પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યુ હતું. ભારતની મહત્વાકાંક્ષા સ્થાનિક ઊર્જા સુરક્ષા અને તકનીકી આત્મનિર્ભરતાથી આગળ વધીને ક્રિટિકલ ટેક્નોલોજીમાં તેની પહોંચ વિસ્તારવાની છે તેમ જણાવતા, પ્રધાનમંત્રીએ આ વર્ષે સ્પેસ ક્ષેત્રની મુખ્ય સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં ભારતીય સ્પેસ સ્ટાર્ટઅપે મેડ-ઈન-ઈન્ડિયા રોકેટનો ઉપયોગ કરીને પોતાના પ્રથમ પ્રયાસમાં ઉપગ્રહને ભ્રમણકક્ષામાં સ્થાપિત કર્યો અને દેશે સેટેલાઈટ ડાકિંગ ક્ષમતામાં મહારત મેળવી. તેમણે ઉમેર્યું હતું કે અસંખ્ય સ્થાનિક સ્ટાર્ટઅપ્સ યુવા વૈજ્ઞાનિકો અને સાહસિકોની વધતી ભાગીદારી સાથે અવકાશ વિજ્ઞાનના નવા ઉકેલો રજૂ કરી રહ્યા છે. "અમારો ધ્યેય ક્રિટિકલ ટેક્નોલોજીમાં પણ આપણી શક્તિનો વિસ્તાર કરવાનો છે," શ્રી મોદીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. ભારતની બહુ-ક્ષેત્રીય સિદ્ધિઓની તીવ્ર વ્યાપકતાને અભૂતપૂર્વ ગણાવતા, પ્રધાનમંત્રીએ નોંધ્યુંહતું કે આ વર્ષે દેશે AI ઈમ્પેક્ટ સમિટનું આયોજન કર્યું હતું, પોતાનું AI મોડેલ લોન્ચ કર્યુંહતુંઅને વિશ્વમાં ભારત-નિર્મિત સેમિકન્ડક્ટર ચિપ્સનું શિપિંગ શરૂ કર્યુંહતું. તેમણે એ પણ દર્શાવ્યું હતું કે રાષ્ટ્ર સંપૂર્ણપણે સમાન રીતે સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કાચા માલ પર આધારિત બેટરી સ્ટોરેજ ક્ષમતાનું સક્રિયપણે નિર્માણ કરી રહ્યું છે. "ભારત જે વિવિધ ક્ષેત્રોમાં સફળતાઓ મેળવી રહ્યું છે તે અભૂતપૂર્વ છે," શ્રી મોદીએ નિરીક્ષણ કર્યુંહતું. પરમાણુ અને અવકાશથી લઈને છે અને સેમિકન્ડક્ટર્સ સુધીના ક્ષેત્રોની અલગ-અલગ જરૂરિયાતો હોવા છતાં, તે સામૂહિક રીતે ઉભરતી ટેકનોલોજીમાં ભારતની વધતી શક્તિ અને આત્મવિશ્વાસનો સંકેત આપે છે તેમ જણાવતા, પ્રધાનમંત્રીએ રાષ્ટ્રની 'સોલ્યુશન એટ સ્કેલ' આપવાની અનન્ય ક્ષમતા પર પ્રકાશ પાડ્યો હતો જેથી સ્થાનિક બ્રેકથ્રુસ વૈશ્વિક પડકારોનો ઉકેલ લાવી શકે. ડિજિટલ સ્ટેક અને સ્વદેશી પર ટેકનોલોજીની સફળતા તરફ ઈશારો કરતા, તેમણે સુરક્ષિત, જનસંખ્યા-સ્તરના પ્લેટફોર્મ બનાવવાની ચાલી રહેલી ઝુંબેશ પર ભાર મૂક્યો હતો. "ભારત એવા સુરક્ષિત ઉકેલો વિકસાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે જે મોટા પાયે લોકો સુધી પહોંચી શકે," શ્રી મોદીએ ખાતરી આપી હતી. વિજ્ઞાન અને ટેકનોલોજીને શસ્ત્રો તરીકે જોવાની ઐતિહાસિક પ્રવૃત્તિ અને તેની સામે માનવતાની સેવા કરવા માટે તેનો ઉપયોગ કરવાની ભારતની વિચારધારા વચ્ચેનો વિરોધાભાસ દર્શાવતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે સાચી વૈજ્ઞાનિક સફળતા સામાન્ય જીવનને સુધારવા, વિશાળ સમસ્યાઓ ઉકેલવા અને આરોગ્ય સંભાળ, કૃષિ, શિક્ષણ, રોજગાર અને આપત્તિ સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે લેબમાંથી બહાર નીકળવામાં રહેલી છે. ભારતીય સ્ટાર્ટઅપ્સ આ ક્ષેત્રોને પ્રાથમિકતા આપી રહ્યા છે તે અંગે સંતોષ વ્યક્ત કરતા, તેમણે મગજની પ્રવૃત્તિને સમજવા માટે વેરિયેબલ ઈઈ ટેકનોલોજી, સ્વદેશી વાયરલેસ અને સેટેલાઈટ

ભારતનો ઉદ્દેશ્ય ક્રિટિકલ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો અને તાકાત બનાવવાનો છે: પ્રધાનમંત્રી

કમ્યુનિકેશન્સ, વિશિષ્ટ પોષણ પ્રોડક્ટ્સ, નવી સેમિકન્ડક્ટર ટેકનોલોજીઓ અને સ્ટીલ સ્લેગ જેવા ઔદ્યોગિક કચરાનો ઉપયોગ કરવા માટેના ઉકેલો પર કામ કરી રહેલા સ્ટાર્ટઅપ્સ અને સ્થાનિક ફર્મોનો ઉલ્લેખ કર્યો હતો. "વિજ્ઞાનની સાચી સફળતા ત્યારે થાય છે જ્યારે તે લેબમાંથી બહાર નીકળીને સામાન્ય નાગરિકના જીવનને વધુ સક્ષમ બનાવે છે," પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. ચેન્નઈમાં આઈઆઈટી મદ્રાસ ખાતેના તેમના તાજેતરના અનુભવને શેર કરતા, પ્રધાનમંત્રીએ એક આધુનિક બ્રેઈન સેન્ટરનું ઉદ્ઘાટન કરવાનું યાદ કર્યું જેણે માનવ મગજની ઉચ્ચ-રેઝોલ્યુશન ડિજિટલ 3D છબીઓ વિકસાવવા અને જટિલ ન્યુરોલોજીકલ રોગોને ઉકેલવા માટે વૈશ્વિક સ્તરે અનુકરણીય બ્રેઈન ઈમેજિંગ ટેકનોલોજી પ્લેટફોર્મ બનાવ્યું છે. તેમણે જાહેર કર્યું કે 'સમાજ માટે વિજ્ઞાન' અને 'પરિવર્તન માટે ટેકનોલોજી' એ વૈજ્ઞાનિક પ્રગતિ માટે અંતિમ માપદંડ તરીકે સેવા આપવી જોઈએ. "અને ભારત આ જ કસોટી પર પોતાની જાતને ચકાસીને આગળ વધી રહ્યું છે," શ્રી મોદીએ ખાતરી આપી હતી. કોઈ દેશની ટેકનોલોજી બનાવવાની ક્ષમતા અને ક્રિટિકલ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા મજબૂત સંશોધન પર આધારિત છે તે વાત પર ભાર મૂકતા, જે તેમના 'જયવિજ્ઞાન, જય અનુસંધાન' ના નારા પાછળની ભાવના છે, પ્રધાનમંત્રીએ અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની ઝડપી ગતિ નોંધાવી હતી અને પાછલા વર્ષે આ જ મંચ પરથી સંશોધન, વિકાસ અને ઈનોવેશન માટે એક લાખ કરોડ રૂપિયા આપવાના સંકલ્પને યાદ કર્યો હતો. તેમણે પ્રકાશ પાડ્યો હતો કે પાછલા વર્ષમાં, માર્કેટ-રેડી લેબ ટેકનોલોજી માટે સરકાર દ્વારા કમિટેડ ૧૨,૦૦૦ કરોડ રૂપિયાની સામે ખાનગી રોકાણકારો તરફથી ૧૨,૦૦૦ કરોડ રૂપિયા મેળવવામાં આવ્યા છે. "એટલે કે, માત્ર એક જ વર્ષમાં, સંશોધન અને વિકાસ માટે કુલ ૨૪ હજાર કરોડ રૂપિયાનું નવું કમિટેડ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે," શ્રી મોદીએ નોંધ્યું હતું. સ્થાનિક સંશોધન ઈકોસિસ્ટમના સતત વિસ્તરણ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ પાછલા દાયકા દરમિયાન બૌદ્ધિક સંપદા નિર્માણમાં નોંધપાત્ર વધારા તરફ ઈશારો કર્યોહતો. તેમણે નોંધ્યુંહતું કે વાર્ષિક પેટન્ટ ફાઈલિંગ દસ વર્ષ પહેલાં ૫૦,૦૦૦થી ઓછી હતી તે વધીને પાછલા વર્ષે આશરે ૧.૫ લાખ થઈ ગઈ છે, જે માત્ર આંકડાઓથી આગળ વધીને ઊંડા સંરચનાત્મક ફેરફારને પ્રતિબિંબિત કરે છે. "તેઓ એ પરિવર્તનની નિશાની છે જેમાં સંશોધન અને ઈનોવેશન ભારતમાં એક મજબૂત સંસ્કૃતિ બની રહ્યા છે," શ્રી મોદીએ નિરીક્ષણ કર્યું હતું. છૈં ના યુગમાં વૈજ્ઞાનિક નિર્ણાયકતા કેવી રીતે વિકસિત થશે તે અંગે ૨૧મી સદીના બીજા ક્વાર્ટર માટે એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે સ્ટેજ પર હાજર અગ્રણી પ્રયોગશાળા વૈજ્ઞાનિકો અને નોબેલ પુરસ્કાર વિજેતાઓએ નાની સમસ્યાઓ ઉકેલવા, પ્રયોગો કરવા, નિષ્ફળતાઓમાંથી શીખવા, સ્થાપિત પેટર્ન પર પ્રશ્નો ઉઠાવવા અને અદ્રશ્ય વિગતો શોધવાના વર્ષોના અનુભવ દ્વારા પોતાની ક્ષમતા પ્રાપ્ત કરી છે. ચેતવણી આપતા કે AI ઉત્પાદક્તા વધારવા માટે નિયમિત કાર્યો ઝડપથી કરી શકે છે, પણ તેણે સ્વતંત્ર વિચારસરણીને પ્રતિબંધિત કરવાને બદલે સમૃદ્ધ બનાવવી જોઈએ, જેથી સંશોધકો બચેલા સમયનો ઉપયોગ વધુ કઠિન સમસ્યાઓ, નવા પ્રયોગો અને આઈડિયા વેલિડેશન માટે કરી શકે. "છૈંઆપણને ઝડપથી જવાબો આપી શકે છે, પરંતુ જવાબની સત્યતા ચકાસવાની જવાબદારી માત્ર વૈજ્ઞાનિકની જ રહેવી જોઈએ," પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. સેમિકન્ડક્ટર્સ, ક્વોન્ટમ ટેકનોલોજી, બાયોટેકનોલોજી, એડવાન્સ્ડ મટિરિયલ્સ, રોબોટિક્સ, સ્પેસ, ક્લીન એનર્જી અને નેક્સ્ટ જનરેશન કમ્યુનિકેશન્સને આવરી લેતા સમર્પિત રાષ્ટ્રીય મિશન્સ દ્વારા ભવિષ્યને આકાર આપતા ક્ષેત્રો માટે વૈજ્ઞાનિકો અને સંસ્થાઓની સતત તૈયારી કરવા વિનંતી કરતા, જેથી ભારતમાંથી નવી બ્રેકથ્રુસ ઉભરી આવે, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે AI, સિન્થેટિક બાયોલોજી અને સ્વાયત્ત પ્રણાલીઓમાં સલામતી અને સુરક્ષાને પ્રાથમિકતા આપવી જોઈએ. નાણાકીય નેટવર્ક્સ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે AI-યુગના ઉભરતા સાયબર સુરક્ષા જોખમો અંગે ચેતવણી આપતા, તેમણે AI-આધારિત અને ક્વોન્ટમ સુરક્ષા ઉકેલો વિકસાવવા આહ્વાન કર્યું જે રાષ્ટ્રીય પ્રણાલીઓનું રક્ષણ કરે અને માનવતાની સેવા કરે "અમારો ધ્યેય એવી ટેકનોલોજીઓ વિકસાવવાનો છે જે ભારતને સશક્ત બનાવે અને માનવતાની સમસ્યાઓ ઉકેલવામાં પણ યોગદાન આપે," શ્રી મોદીએ ખાતરી આપી હતી. કોક્લેવમાં હાજર દરેક સંશોધક, ઉદ્યોગ સાહસિક, સ્ટાર્ટઅપ સ્થાપક અને વિદ્યાર્થીને તેઓ કઈ ટેકનોલોજી, પ્રોટોટાઈપ, પાઈલટ પ્રોજેક્ટ અથવા પ્રોડક્ટ વિકસાવવામાં મદદ કરશે તેની ઓળખ કરીને ૩ વર્ષનો ચોક્કસ લક્ષ્યાંક નક્કી કરવા આહ્વાન કરતા, પ્રધાનમંત્રીએ તેમને વિકસિત ભારતનું નિર્માણ કરતી અને ભારતને ઉકેલો માટેનું વૈશ્વિક હબ બનાવતી ઈનોવેશન્સ તરફ આગળ વધવા વિનંતી કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ મેળાવડો માત્ર ચર્ચાઓથી આગળ વધીને મૂર્ત પરિણામો આપવા માટે હોવો જોઈએ. "આ કોક્લેવ માત્ર વિચારોની આપ-લે સુધી સીમિત ન રહેવો જોઈએ; તે માપી શકાય તેવા પરિણામો માટેનું એક મંચ બનવો જોઈએ," પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યુંહતું. પ્રતિભા અને સંકલ્પથી આશીર્વાદ પ્રાપ્ત વિશ્વના સૌથી યુવા દેશ તરીકે ભારતની સ્થિતિ પર પ્રકાશ પાડીને પોતાના સંબોધનને સમાપ્ત કરતા, પ્રધાનમંત્રીએ એવી પેઢીને પોષવાની જરૂરિયાત પર ભાર મૂક્યો જે ઉભરતા વિજ્ઞાન અને ટેકનોલોજીમાં માત્ર ભાગ લેવાને બદલે સક્રિયપણે નેતૃત્વ કરે. 'અમે આ કરીશું' ની સામૂહિક ભાવના અને દ્રઢ વિશ્વાસનું આહ્વાન કરતા, તેમણે કોક્લેવની સફળતા માટે તેમની શુભકામનાઓ પાઠવી હતી. "આપણે એવી પેઢી તૈયાર કરવાની છે જે માત્ર ઈમર્જિંગ સાયન્સ અને ટેકનોલોજીમાં ભાગીદાર નથી, પરંતુ તેનું નેતૃત્વ પણ કરે છે," શ્રી મોદીએ ખાતરી આપી હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ભીલડી ખાતેથી 'ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર'નું કરશે લોકાર્પણ

બનાસ ડેરીની 'બોવાઇન બ્રીડપ્રિન્યોર' પહેલ થકી પશુપાલન ક્ષેત્રે આવશે નવીક્રાંતિ





પશુપાલકો દૂધ ઉપરાંત ઉત્તમ નસ્લના પશુઓ તૈયાર કરનારા બ્રીડર બને તેવા આશયથી ડેરીએ 'બોવાઇન બ્રીડપ્રિન્યોર ક્લબ'ની સ્થાપના કરી છે

ક્મલમ્,પાલનપુર

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦મી ઓક્ટોબર ૨૦૨૬, શુક્રવારના રોજ બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી બનાસ ડેરીના પાંચ મોટા વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે ભીલડી ખાતે ૧૨૭ એકર જમીનમાં રૂ. ૩૨૫ કરોડના ખર્ચે તૈયાર થયેલું અત્યાધુનિક 'ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર' (BBBRC) દેશના પશુપાલકોને અર્પણ કરશે. બનાસકાંઠાના પશુપાલકો હંમેશાં પોતાની મહેનત અને નવી વિચારસરણી માટે જાણીતા છે. પશુપાલકો માત્ર દૂધ વેચવા પૂરતા સીમિત ન રહેતાં ઉત્તમ નસ્લના પશુઓ તૈયાર કરનારા સંવર્ધક (બ્રીડર) બને તેવા શુભઆશયથી બનાસ ડેરીએ 'બોવાઈન બ્રીડપ્રિન્યોર ક્લબ'ની સ્થાપના કરી છે. આ નવતર પહેલ હેઠળ અત્યાર સુધીમાં ૩૧૬ જેટલા પ્રગતિશીલ ખેડૂતો BBBRC (બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર) સાથે જોડાઈ ચૂક્યા છે. આ યોજના દ્વારા સામાન્ય પશુપાલકોના તબેલા હવે સ્થાનિક કક્ષાએ ઉચ્ચ ગુણવત્તાવાળા પશુધન તૈયાર કરવાના આદર્શ કેન્દ્રો બની રહ્યા છે. આ યોજના એક અત્યંત સરળ, પારદર્શક અને બંને પક્ષોને ફાયદો કરાવતા કરાર પર કામ કરે છે. મ્મ્મ્ઇઝ સાથે જોડાનાર પ્રત્યેક બ્રીડપ્રિન્યોરને ઉચ્ચ આનુવંશિક ગુણવત્તાવાળા જર્મપ્લાઝ્મ (શ્રેષ્ઠ ઓલાદના બીજ) સીધા જ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ વિજ્ઞાનની મદદથી ખેડૂતના ફાર્મ પર જે ઉત્તમ વાછરડાં, પાડીઓ કે ભ્રૂણ (એમ્બ્રિયો) તૈયાર થાય, તેને ખરીદવાનો પ્રથમ અધિકાર BBBRC પાસે રહે છે. જો સેન્ટર તેને પોતાના મુખ્ય કાર્યક્રમ માટે પસંદ ન કરે, તો પશુપાલક તેને ખુલ્લા બજારમાં ઊંચી કિંમતે વેચવા માટે સંપૂર્ણ સ્વતંત્ર છે. આમ, પશુપાલકને રોજના દૂધના ઉત્પાદન ઉપરાંત ઉત્તમ વાછરડી કે સાંઢ વેચીને લાખો રૂપિયાની વધારાની આવક મેળવવાની નવી તક મળી છે. સારી ઓલાદનું પશુધન સંપૂર્ણ પરિણામ આપી શકે તે માટે ફાર્મ પર વૈજ્ઞાનિક માવજત અને સચોટ હિસાબ રાખવો જરૂરી છે. આ ક્લબના સભ્યો પશુના ગર્ભની સ્થિતિ, વિયાણની તારીખ, માતા-પિતાની વંશાવળી, વજન અને રોજના દૂધ ઉત્પાદનની પાકી નોંધ રાખે છે.

આ ઉપરાંત, સભ્ય પશુપાલકોના પશુઓની વર્ષમાં એક વખત નિયમિતપણે સઘન રોગ તપાસણી (હેલ્થ ચેકઅપ) કરવામાં આવે છે. સંપૂર્ણ તબીબી તપાસ અને પાકા રેકોર્ડવાળા પશુઓ રોગમુક્ત રહે છે, જેના કારણે બજારમાં ખરીદદારોનો વિશ્વાસ વધે છે અને ખેડૂતોને પોતાના પશુધનના ખૂબ સારા ભાવો મળે છે. બનાસ ડેરી અને BBBRC દ્વારા શરૂ થયેલું આ આધુનિક બ્રીડિંગ અભિયાન હવે પ્રયોગશાળાની ચાર દીવાલોમાંથી બહાર નીકળીને છેવાડાના ગામડાં સુધી પહોંચી ગયું છે.

સભ્ય ખેડૂતોના ફાર્મ પર થતા ફાયદા જોઈને આસપાસના અન્ય પશુપાલકો પણ પશુઓના પોષણ, રહેઠાણ અને સ્વચ્છતાની આધુનિક પદ્ધતિઓ અપનાવતા થયા છે. બનાસકાંઠાની ધરતી પરથી શરૂ થયેલી આ પહેલ આવનારા સમયમાં સમગ્ર દેશના ડેરી ઉદ્યોગ માટે એક આદર્શ માર્ગદર્શિકા બનશે, જેમાં વિજ્ઞાન અને સામાન્ય પશુપાલકની ભાગીદારીથી સાચા અર્થમાં 'જેનેટિક્સથી સમૃદ્ધિ'નો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે.

તંત્રી સ્થાનેથી......

નામદાર સુપ્રીમ કોર્ટ, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા વિવિધ અરજીઓ અન્વયે જારી કરાયેલા આદેશો તેમજ રાજ્ય સરકારના ગૃહવિભાગના પરિપત્રના સંદર્ભે બનાસકાંઠા જિલ્લામાં દિવાળી તથા અન્યતહેવારો નિમિત્તે પર્યાવરણનું રક્ષણ કરવા અને આગ-અકસ્માતના બનાવો અટકાવવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુંછે. જાહેર જનતાની સલામતી સુનિશ્ચિત કરવા અને કોઈ અગવડ ન પડે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠાશ્રી સી.પી. પટેલ (જી.એ.એસ.) દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અને કલમ-૩૩(૧)(યુ) અન્વયે મળેલી સત્તાની રૂએ સમગ્ર જિલ્લામાંનીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશો ફરમાવવામાં આવ્યા છે. આ જાહેરનામા મુજબ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા માન્યતા પ્રાપ્ત અને ઓછું ઉત્સર્જન ઉત્પન્ન કરતા માત્ર ગ્રીન ફટાકડાના ઉત્પાદન અને વેચાણની જ મંજૂરી રહેશે, જ્યારે આ સિવાયના તમામ પ્રકારના ફટાકડા બનાવવા કે વેચવા પર સદંતર પ્રતિબંધ રહેશે. ભારે અવાજ પેદા કરતા, આરોગ્ય માટે હાનિકારક તેમજ વધુમાત્રામાં વાયુપ્રદૂષણ અને ઘનકચરો પેદા કરતા લડી કે બાંધેલા ફટાકડા (Joint firecrackers/Laris) રાખવા, ફોડવા કે વેચવા પર મનાઈ ફરમાવાઈ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશાનુસાર ચાયનીઝ તુક્કલ/લેન્ટર્નનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કે ઉપયોગ કરવા પર સંપૂર્ણ રોક રહેશે. ફટાકડાનું વેચાણ માત્ર અધિકૃત લાયસન્સધારક વેપારીઓ જ કરી શકશે

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીએ એકતાનગરમાં ગુંજશે રાષ્ટ્રીય એકતાનો સંદેશ

કમલમ્,રાજપીપળા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારી રાષ્ટ્રીય એકતા પરેડ-૨૦૨૬ દેશની અખંડિતતા, રાષ્ટ્રીય એકતા અને સુરક્ષા દળોના શૌર્યને સમર્પિત રહેશે. જેમાં આ વર્ષની પરેડમાં 'નક્સલ મુક્ત ભારત' અને 'વિવિધતામાં એકતા'ના સંદેશને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે. આ વર્ષની પરેડમાં વિશેષ આકર્ષણ તરીકે નક્સલવાદ વિરોધી કામગીરીમાં યોગદાન આપનાર ડોગ સ્ક્વોડને સ્થાન આપવામાં આવ્યું છે. સુરક્ષા દળોના આ વફાદાર સાથીઓની ઉપસ્થિતિ દેશની આંતરિક સુરક્ષામાં પ્રાણીઓના અમૂલ્ય યોગદાન અને રાષ્ટ્રસેવાના ભાવને ઉજાગર કરશે. આધુનિક સુરક્ષા વ્યવસ્થામાં ડોગની તીક્ષ્ણ સૂંઘવાની ક્ષમતા, તાલીમ અને શિસ્ત કેટલી મહત્ત્વપૂર્ણ છે તેનો સંદેશ પણ આ ડોગ સ્ક્વોડ આપશે. સરદાર પટેલે અખંડ ભારતના નિર્માણ માટે આપેલા ઐતિહાસિક યોગદાનને સ્મરણ કરતાં આ પરેડ તેમના એકતાના સ્વપ્નને સાકાર કરવાનો સંકલ્પ વ્યક્ત કરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપશે. પરેડમાં વિવિધ રાજ્યોની પોલીસ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF)ના ૧૯ કન્ટિન્જન્ટ માર્ચપાસ્ટ કરશે. પોલીસ બેન્ડ, મોટરસાયકલ પ્રદર્શન, આકર્ષક ઝાંખીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પરેડની ભવ્યતામાં વધારો કરશે. આ વખતે નક્સલ વિરોધી કામગીરી સાથે સંકળાયેલા ડોગ સ્ક્વોડની ઉપસ્થિતિ સુરક્ષા દળોની કાર્યક્ષમતા અને આત્મનિર્ભરતાને વિશેષ રીતે રજૂ કરશે. આ ઉપરાંત NCCના કેડેટ્સ પણ 'વિવિધતામાંએકતા'ની ભાવનાને ઉજાગર કરશે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી પર યોજાનારી એકતા પરેડ-૨૦૨૬ માત્ર ભવ્ય માર્ચપાસ્ટ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ દેશની એકતા, સુરક્ષા દળોના સમર્પણ, સહકાર અને રાષ્ટ્રગૌરવનું પ્રેરણાદાયી પ્રતીક બનશે.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિના અવસરે આદિવાસી મહિલાઓના સશક્તિકરણનું પ્રેરણાદાયી મોડલ બનતું એકતાનગર

એકતા નગરમાં 'પિંક ઈ-ઓટો પ્રોજેક્ટ'થી છ ગામની ૮૫ આદિવાસી મહિલાઓને રોજગારીની તકઃ પ્રવાસન સાથે મહિલા સશક્તિકરણ અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન

સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસન ક્ષેત્રમાં મહિલાઓ બની રહી છે આત્મનિર્ભરઃ તાલીમ, ડ્રાઇવિંગ લાઇસન્સ અને ઈ-ઓટોની સુવિધાથી સ્વરોજગારીને મળી નવી દિશા

કમલમ્,રાજપીપળા,

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિના અવસરે નર્મદા જિલ્લાના એકતાનગરમાં પ્રવાસન વિકાસની સાથે સ્થાનિક આદિવાસી મહિલાઓના આર્થિક સશક્તિકરણનું પ્રેરણાદાયી ઉદાહરણ જોવા મળી રહ્યું છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવાની સાથે સ્થાનિક લોકોને રોજગારીની તકો પૂરી પાડવાના અભિગમ હેઠળ શરૂ કરવામાં આવેલો 'પિંક ઈ-ઓટો પ્રોજેક્ટ' આદિવાસી મહિલાઓ માટે આત્મનિર્ભરતાની નવી રાહ બની રહ્યો છે. આ પહેલ હેઠળ એકતાનગરની આસપાસનાં છ ગામની કુલ ૮૫ મહિલાઓને ઈ-ઓટો ચલાવવાની તક મળી છે, જેના માધ્યમથી તેઓ રોજગારી મેળવી આર્થિક રીતે સ્વાવલંબી બનવાની દિશામાં આગળ વધી રહી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ પ્રવાસન ક્ષેત્રે સ્થાનિક મહિલાઓની ભાગીદારી વધારવાની સાથે તેમને રોજગારીની નવી તકો પૂરી પાડવાનો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી સંચાલન દ્વારા પીપીપી (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ) ધોરણે હાથ ધરવામાં આવેલી આ પહેલમાં મહિલાઓને ઈ-ઓટો ચલાવવા માટે વિશેષ તાલીમ આપવામાં આવી છે. સાથે જ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવામાં જરૂરી સહાય પૂરી પાડવામાં આવી છે. તાલીમ અને જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મહિલાઓને વિશેષ 'પિંક ઈ-ઓટો' ફાળવવામાં આવી છે, જે એકતાનગર અને આસપાસના પ્રવાસન વિસ્તારોમાં પ્રવાસીઓની અવરજવર માટે ઉપયોગી બની રહી છે. સામાન્ય રીતે પરિવારમાં આર્થિક જવાબદારી નિભાવવાની સાથે ઘરકામ અને અન્ય સામાજિક જવાબદારીઓ સંભાળતી મહિલાઓ માટે સ્વતંત્ર આવકનું સાધન ઊભું થવું એ સશક્તિકરણની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. પિંક ઈ-ઓટો પ્રોજેક્ટ દ્વારા આદિવાસી મહિલાઓને પોતાની આવડત અને મહેનતના આધારે રોજગારી મેળવવાની તક મળી છે. આ પહેલ મહિલાઓમાં આત્મવિશ્વાસ વધારવાની સાથે તેમને પરિવારની આર્થિક પ્રગતિમાં યોગદાન આપવા સક્ષમ બનાવે છે. છ ગામની ૮૫ મહિલાઓને રોજગારી સાથે જોડવાનો આ પ્રયાસ સ્થાનિક સ્તરે મહિલા સશક્તિકરણનું નોંધપાત્ર ઉદાહરણ બની રહ્યો છે. એકતાનગર આજે માત્ર પ્રવાસનનું આકર્ષણ નથી, પરંતુ સ્થાનિક સમુદાયને વિકાસની મુખ્યધારા સાથે જોડવાનું પણ મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતનાં વિવિધ પ્રવાસન સ્થળોએ દેશ-વિદેશના પ્રવાસીઓની વધતી અવરજવરને પગલે પરિવહન અને પ્રવાસી સુવિધાઓની માગમાં પણ વધારો થયો છે. આવા સંજોગોમાં સ્થાનિક મહિલાઓને ઈ-ઓટો સંચાલન સાથે જોડવાથી પ્રવાસન ક્ષેત્રમાં તેમની ભાગીદારી વધે છે અને રોજગારીની સ્થાનિક તકોને પ્રોત્સાહન મળે છે. આ રીતે પ્રવાસન વિકાસ અને સામાજિક-આર્થિક સશક્તિકરણને એકસાથે આગળ વધારવાનો અભિગમ સાકાર થઈ રહ્યો છે. પિંક ઈ-ઓટો પ્રોજેક્ટની વિશેષતા એ છે કે તે મહિલા સશક્તિકરણની સાથે પર્યાવરણ સંરક્ષણના હેતુને પણ વેગ આપે છે. ઈ-ઓટો પરંપરાગત ઈંધણથી ચાલતાં વાહનોની સરખામણીએ સ્થાનિક પરિવહન માટે વધુ ઈકો ફ્રેન્ડલી વિકલ્પ પૂરો પાડે છે. પ્રવાસન સ્થળોએ ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધવાથી પ્રદૂષણ ઘટાડવાના પ્રયાસોને પ્રોત્સાહન મળે છે. આમ, એકતાનગરમાં પ્રવાસીઓની સુવિધા, સ્થાનિક રોજગારી અને પર્યાવરણમિત્ર પરિવહનનો સમન્વય આ પ્રોજેક્ટને વિશિષ્ટ બનાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહિલા સશક્તિકરણ, સ્થાનિક રોજગારીના સર્જન અને વિકાસમાં જનભાગીદારીના અભિગમ સાથે સુસંગત આ પહેલ આદિવાસી મહિલાઓને વિકાસની નવી તકો પૂરી પાડે છે. મહિલાઓને માત્ર લાભાર્થી તરીકે નહીં, પરંતુ પ્રવાસન ક્ષેત્રની સક્રિય ભાગીદાર તરીકે જોડવાનો આ અભિગમ 'નારી શક્તિથી રાષ્ટ્ર શક્તિ'ના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. સ્વરોજગારીની તક મળવાથી મહિલાઓમાં સ્વાભિમાન અને આત્મવિશ્વાસ વધે છે, જ્યારે સ્થાનિક અર્થતંત્રને પણ પ્રોત્સાહન મળે છે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિના અવસરે એકતાનગરનો પિંક ઈ-ઓટો પ્રોજેક્ટ વિકાસના વ્યાપક અર્થને ઉજાગર કરે છે. પ્રવાસનનો લાભ સ્થાનિક લોકો સુધી પહોંચે, આદિવાસી મહિલાઓને રોજગારીની તકો મળે અને ઈકો ફ્રેન્ડલી પરિવહનને પ્રોત્સાહન મળે આ ત્રણેય ઉદ્દેશોને જોડતી ઈ-ઓટોની પહેલ મહિલા સશક્તિકરણનું પ્રેરણાદાયી મોડલ બની રહી છે. છ ગામની ૮૫ મહિલાઓની આ સફર માત્ર રોજગારી પૂરતી સીમિત નથી, પરંતુ આત્મનિર્ભરતા, સ્વાભિમાન અને સમાન તકના આધારે વિકસતા નવા એકતાનગરની ઓળખ પણ બની રહી છે.

ગુમ કે ચોરાયેલા મોબાઈલને બ્લોક કરવા કે ટ્રેસ કરવામાં ૫૦.૭૫ ટકાના રિકવરી રેટ સાથે ગુજરાત દેશભરમાં બીજા ક્રમે

ગુજરાત પોલીસ અને DoT દ્વારા CEIR પોર્ટલના ઉત્કૃષ્ટ અમલીકરણ માટે શ્રેષ્ઠ નોડલ અધિકારીઓનું સન્માન

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના છ મહિનામાં ગુજરાતમાં આણંદ જિલ્લો પ્રથમ, ડાંગ જિલ્લો દ્વિતીય અને અમદાવાદ શહેર તૃતીય ક્રમે

કમલમ્,

ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલ ફોનને બ્લોક કરવા અને તેને ઝડપથી શોધી કાઢવા માટે કાર્યરત 'સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર' (CEIR) પોર્ટલના શ્રેષ્ઠ અમલીકરણ બદલ ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT), ગુજરાત લાયસન્સ સર્વિસ એરિયા (LSA) દ્વારા ગુજરાત પોલીસના સહયોગથી શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લાઓના નોડલ અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું છે.

તા.૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ આયોજિત વિશેષ સમારોહમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ અધિકારીઓને શીલ્ડ તેમજ પ્રશંસાપત્ર એનાયત કરાયા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના તા.૧ એપ્રિલ ૨૦૨૬ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ના પરફોર્મન્સ ડેટા મુજબ રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા જિલ્લાઓમાં આણંદ, ડાંગ અને અમદાવાદ શહેરની કામગીરી શ્રેષ્ઠ રહી છે.

જેમાં પ્રથમ ક્રમમાં આણંદ જિલ્લાના સાયબર સેલ, પી.આઈ. શ્રી જયમીન ડોડિયા, દ્વિતીય ક્રમમાં ડાંગ જિલ્લાના એલ.સી.બી. પી.એસ.આઈ. શ્રી જે. જી. અનડકટ તેમજ તૃતીય ક્રમમાં અમદાવાદ શહેરના એ.એસ.આઈ. શ્રી ભાવેશકુમાર વિષ્ણુપ્રસાદ અને પો.કો. શ્રી હાર્દિકસિંહ જયંતીલાલ એ શ્રેષ્ઠ કામગીરી કરી છે. આ અધિકારીઓએ ટેકનોલોજી આધારિત અને સિટીઝન સેન્ટ્રીક પોલીસિંગ દ્વારા ગુમ કે ચોરાયેલા મોબાઈલ હેન્ડસેટ ટ્રેસ તેમજ રિકવર કરવામાં પ્રશંસનીય સિદ્ધિ મેળવી છે.

મોટા રાજ્યોમાં ૫૦.૭૫% રિકવરી રેટ સાથે ગુજરાત અગ્રેસર રહ્યું છે. તા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ સુધીના ડેટા એનાલિસિસ મુજબ, સમગ્ર દેશમાં મોબાઈલ રિકવરીનો સરેરાશ દર ૩૭.૪% રહ્યો છે, જેની સરખામણીએ ગુજરાતે ૫૦.૭૫% નો ઊંચો રિકવરી રેટ હાંસલ કરીને દેશના મોટા રાજ્યોમાં બીજું સ્થાન જાળવી રાખ્યું છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨,૩૮,૫૩૩ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરવામાં આવ્યા છે, જેમાંથી ૧,૪૭,૪૨૭ હેન્ડસેટ ટ્રેસ થયા છે અને ૭૪,૮૨૩ મોબાઈલ સફળતાપૂર્વક મૂળ માલિકોને પરત અપાવવામાં આવ્યા છે. ગત વર્ષે ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ગુજરાતનો રિકવરી દર ૪૧%હતો, જેમાં આ વર્ષે ૯.૭૫ ટકાવારી પોઈન્ટનો નોંધપાત્ર વધારો આવ્યો છે. આ એવોર્ડ વિતરણ સમારોહ સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝના ડીજીપી ડૉ. કે. એલ. એન. રાવ તેમજ DoT ગુજરાત LSA ના એડિશનલ ડાયરેક્ટર જનરલ શ્રી ગિરીશ કટારિયાની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયો હતો. ગુજરાત પોલીસ અને DoT વચ્ચેનું મજબૂત સંકલન મોબાઈલ ઉપકરણોના દુરુપયોગને રોકવા, નાગરિકોના કિંમતી મોબાઈલ પરત મેળવવા તેમજ સાયબર છેતરપિંડીના બનાવોને ડામવામાં અત્યંત અસરકારક સાબિત થઈ રહ્યું છે.

'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત રાજકોટ ખાતે ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘજી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં વિશાળ પદયાત્રા યોજાઈ

દેશમાં જ્યારે પણ લોકતંત્ર ખતરામાં આવ્યું છે ત્યારે ભાજપાનો કાર્યકર્તા લોકતંત્રના પ્રહરી તરીકે રસ્તા પર ઉતર્યો છે-શ્રી તરુણ ચુઘજી

કોંગ્રેસના નેતાઓએ જાહેર જીવનમાં ભાષાની મર્યાદા ભુલાવી ચૂક્યા છે, દેશની જનતા આવી માનસિકતા ધરાવતા લોકોને ક્યારેય માફ નહીં કરે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

કોંગ્રેસ દ્વારા દેશની સંવિધાનિક સંસ્થાઓ તથા ચુંટણી પંચ સામે ભ્રામક પ્રચાર કરી જનતામાં અવિશ્વાસ ફેલાવવાના પ્રયાસો વચ્ચે ભારતીય જનતા પાર્ટી દ્વારા જનતાને ભ્રામક પ્રચારથી સાવચેત કરવા જનજાગૃતિના હેતુથી તેમજ કોંગ્રેસના આ હલકી કક્ષાના કૃત્યનો વિરોધ કરવા 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન-૨૦૨૬'હાથ ધરવામાં આવ્યું છે.

'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન-૨૦૨૬' અંતર્ગત આજે ૨૭ ઓક્ટોબર, મંગળવારે રાજકોટ ખાતે ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણચુઘજી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં વિશાળ પદયાત્રા યોજાઈ હતી. પદયાત્રાનું પ્રસ્થાન રાજકોટ બહુમાળી ભવન સ્થિત સરદાર પટેલની પ્રતિમા પાસેથી થયું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયા, પ્રદેશ સહપ્રભારી શ્રી અજય મહાવરજી, પ્રદેશ સહ સંગઠન મહામંત્રી શ્રી અરુણ બિન્નાડીજી, પ્રદેશ મહામંત્રી શ્રી અનિરૂદ્ધભાઈ દવે, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી કુંવરજીભાઈ બાવળિયા, શ્રી કૌશિકભાઈ વેકરિયા, શ્રીમતી રિવાબા જાડેજા, ભાજપાના વરિષ્ઠ નેતા તથા સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ભાજપાના આગેવાનો, સંગઠનના પદાધિકારીઓ, અભિયાનની ટીમ, અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પદયાત્રા દરમિયાન 'લોકતંત્રનો હુંકાર, અરાજકતાની હાર, કોંગ્રેસનો હાથ ઘુષણખોરોના સાથ', 'લોકતંત્રનું અપમાન, નહિ સહે હિન્દુસ્તાન' સહિતના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા ગુજરાત ભાજપાના પ્રદેશપ્રભારી શ્રી તરુણ ચુઘજીએ પદયાત્રાના પ્રસ્થાન પૂર્વે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, દેશમાં જ્યારે પણ લોકતંત્ર ખતરામાં આવ્યું છે ત્યારે ભાજપાનો કાર્યકર્તા લોકતંત્રના પ્રહરી તરીકે રસ્તા પર ઉતર્યો છે.

રાહુલ ગાંધીનાં દાદી શ્રીમતી ઇન્દિરા ગાંધીજીએ દેશમાં તાનાશાહી લાદીને ઈમરજન્સી લાગુ કરી ત્યારે કાર્યકર્તાઓ દેશના લોકતંત્રને બચાવવા રસ્તા પર ઉતર્યા હતા અને જેલ ભરી દીધી હતી, પરંતુ દેશના લોકતંત્રને નબળું પડવા દીધું નહોતું.

ઇન્દિરા ગાંધીનો તાનાશાહીનો વિચાર પણ કાર્યકર્તાઓના દિલમાંથી લોકતંત્રના પ્રહરી તરીકેની ભૂમિકા દૂર કરી શક્યો નહોતો. શ્રી તરુણ ચુઘજીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે રાહુલ ગાંધી અને ઈન્ડિ ગઠબંધનના નેતાઓ દેશના લોકતંત્રને નબળું પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. લોકતંત્રને પડકારવામાં આવે છે, દેશના ન્યાયતંત્ર પર દબાણ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. દેશની સંવૈધાનિક વ્યવસ્થા પર દબાણ લાવવાના આવા પ્રયાસો સાંખી લેવામાં આવશે નહીં. તેમણે જણાવ્યું હતું કે, દેશના લોકતંત્રનો એક મહત્ત્વપૂર્ણ અંગ ચૂંટણી પંચ છે, જે ચૂંટણી પ્રક્રિયા અને મતદારોના અધિકારોની સુરક્ષામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયા (SIR) દરમિયાન ગેરલાયક નામો દૂર કરવાની પ્રક્રિયાને લઈને પણ કોંગ્રેસ દ્વારા રાજકીય વિવાદ ઊભો કરવામાં આવી રહ્યો છે. રાહુલ ગાંધી આ પ્રક્રિયા અંગે બેબુનિયાદ સવાલો ઉઠાવી રહ્યા છે.

શ્રી ચુઘજીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશની જનતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અતૂટ વિશ્વાસ ધરાવે છે. કોંગ્રેસ થોડા લોકોની ભીડ દિલ્હીમાં લઈ જઈને દેશને ડરાવવા અને લોકતંત્રને દબાવવાનો પ્રયાસ કરો છે, પરંતુ ભારતનું લોકતંત્ર મજબૂત છે. તે ડરશે નહીં અને નમશે નહીં. કોંગ્રેસ પર રાજકીય કટાક્ષ કરતાં શ્રી તરુણ ચુઘજીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ ક્યારેક કહે છે કે SIRના કારણે ચૂંટણીમાં હાર થઈ, તો ક્યારેક ઈફ્સના કારણે હાર થઈ. પરંતુ જ્યારે કેરળ અને તમિલનાડુમાં કોંગ્રેસ કે તેના સાથી પક્ષોને જીત મળે છે, ત્યારે શું SIR અને ચૂંટણી પંચ બરાબર હોય છે અને જ્યારે દેશની જનતા તેમને હરાવે છે ત્યારે એ જ વ્યવસ્થા ખોટી કેવી રીતે થઈ જાય છે કોંગ્રેસે પોતાની હાર માટે વારંવાર બહાનાં શોધવાને બદલે જનતાના નિર્ણયને સ્વીકારવો જોઈએ. તેમણે કોંગ્રેસ પર વધુ પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, જે મુસ્લિમ લીગ દેશના વિભાજન સાથે સંકળાયેલી હતી, તેના પ્રભાવ હેઠળ રાહુલ ગાંધી કામ કરી રહ્યા છે. રાહુલ ગાંધી વિદેશી ટૂલકિટના ઈશારે ભારતને બદનામ કરવાનું કામ કરી રહ્યા છે. દેશની સંસ્થાઓ સામે પાયાવિહોણા આક્ષેપો કરી અવિશ્વાસ ઊભો કરવાના અને ભારતની લોકશાહી વ્યવસ્થાને નબળી પાડવાના આવા પ્રયાસોનો ભાજપા કાર્યકર્તાઓ સખત વિરોધ કરશે. અંતમાં શ્રી તરુણ ચુઘજીએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓને લોકતંત્રના પ્રહરી ગણાવતાં જણાવ્યું હતું કે, અહીં ઉપસ્થિત જનમેદની એ હુંકાર ભરી રહી છે કે અરાજકતા ફેલાવીને ભારતને ડરાવવાનો પ્રયાસ ન કરો. આ ભારત નવું ભારત છે, આ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વનું ભારત છે.

ભારતનું લોકતંત્ર મજબૂત છે અને દેશની જનતા લોકશાહી મૂલ્યો, રાષ્ટ્રીય હિત તથા સંવિધાનિક સંસ્થાઓની ગરિમાની રક્ષા માટે અડીખમ ઊભી રહેશે. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી દેશમાં કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા અરાજકતા ફેલાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે. હારથી બોખલાયેલી રાહુલ ગાંધી એન્ડ કંપની વારંવાર દેશમાં અરાજકતા ફેલાવવાનું કામ કરી રહી છે. એક તરફ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર ભારતને આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં આગળ વધારી રહ્યા છે, દેશના યુવાનો શિક્ષિત બને, યુવાનો જોબ ગીવર બને અને દેશમાં ગરીબી દૂર થાય તે માટે કામ કરી રહ્યા છે, ત્યારે કોંગ્રેસ દેશની શાંતિ ડહોળવાનું કામ કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવું ભારત દેશને આપ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના યુવાનોને સાચો માર્ગ બતાવી રહ્યા છે. આજે યુવાનોએ દેશમાં પાણી વગરની કપરી સ્થિતિ જોઈ નથી, યુવાનોએ વીજળી વગરનાં ગામડાં જોયાં નથી, રોડ-રસ્તાઓની અછત જોઈ નથી અને દેશમાં ધમાલ તથા કર્ફ્યુની સ્થિતિ જોઈ નથી, યુવાનોએ માત્ર વિકાસની રાજનીતિ જોઈ છે. કોંગ્રેસ પર રાજકીય કટાક્ષ કરતાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ચારેય બાજુ હાર ભાળી ગયેલી કોંગ્રેસ વારંવાર કોઈને કોઈ બહાને દેશની શાંતિ ડહોળવાનું કામ કરેછે. રાહુલ ગાંધી એન્ડ કંપની દ્વારા વારંવાર અરાજકતા ફેલાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દેશની જનતા કોંગ્રેસનું આ કૃત્ય સહન નહીં કરે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કરવામાં આવેલી ટિપ્પણીનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ હવે અભદ્ર ભાષાનો ઉપયોગ કરી રહી છે. પ્રધાનમંત્રી શ્રીનાં માતુશ્રી, પિતાશ્રી કે પરિવારજનો અંગે અભદ્ર ભાષાનો ઉપયોગ કરવો કોંગ્રેસને શોભતું નથી. રાજકીય વિરોધની પણ એક મર્યાદા હોય છે. કોંગ્રેસના નેતાઓએ જાહેર જીવનમાં ભાષાની મર્યાદા જાળવવી જોઈએ. દેશની જનતા આવી માનસિકતા ધરાવતા લોકોને ક્યારેય માફ નહીં કરે. ગુજરાતની જનતાએ છેલ્લા ૩૧ વર્ષથી કોંગ્રેસને સત્તાથી દૂર રાખી છે.

દેશની જનતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે છે અને દેશ વિકાસની રાજનીતિ સાથે આગળ વધી રહ્યો છે. આ પદયાત્રામાં ધાર્મિક અગ્રણીઓ, વિવિધ સમાજના આગેવાનો, વેપારી એસોસિયેશનના પ્રતિનિધિઓ, મહિલાઓ, એનજીઓના પ્રતિનિધિઓ અને પ્રબુદ્ધ નાગરિકો સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો જોડાયા હતાં.

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'કરન્ટએડ્વાન્સીસ ઇન એનિમલ ઇમ્પ્રૂવમેન્ટ' રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

પશુપાલન અને વેટરનરી વિજ્ઞાનનું જ્ઞાન સામાન્ય પશુપાલક સુધી તેની લોકભાષામાં પહોંચે તે અનિવાર્ય છે :- અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી

ગાય એ માત્ર દૂધ આપનારું પશુ નથી, સમગ્ર સૃષ્ટિ અને માટીના આરોગ્યનો મૂળ આધાર છે:- અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

કમલમ્,પાલનપુર

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને દાંતીવાડા ખાતે "કરન્ટ એડવાન્સીસ ઈન એનિમલ ઈમ્પ્રૂવમેન્ટ" વિષય પર રાષ્ટ્રીય સેમિનાર અને એલ્યુમિનાઈ મીટિંગનું આયોજન કરાયું હતું. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના પ્રો.વી.આર.મહેતા ઓડિટોરિયમ ખાતે કામધેનુ યુનિવર્સિટીના વેટરનરી કોલેજના એનિમલ જેનેટિક્સ એન્ડ બ્રીડિંગ વિભાગ, વેટ્સ એલ્યુમિનાઈ એસોસિએશન સરદારકૃષિનગર (VAAS) અને બનાસ ડેરીના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વેટરનરી અને કૃષિ વિજ્ઞાનનું જ્ઞાન માત્ર પુસ્તકો કે અંગ્રેજી ભાષા પૂરતું સીમિત ન રહેતાં ગામડાના છેવાડાના પશુપાલક સુધી તેની પોતાની બોલીમાં પહોંચવું જોઈએ. ડેન્માર્ક, નેધરલેન્ડ્સ, ઈઝરાયેલ અને ચીન જેવા દેશો પોતાની માતૃભાષામાં વિજ્ઞાનનો વિકાસ કરીને સામાન્ય જનજીવન સુધી લઈ જવામાં સફળ રહ્યા છે. ભારતમાં પણ જ્યારે વેટરનરી વિજ્ઞાનની આધુનિક માહિતી સ્થાનિક ભાષામાં પશુપાલકો સુધી પહોંચશે, ત્યારે તેની વાસ્તવિક અસરકારકતા અને પરિણામોમાં અનેકગણો વધારો જોવા મળશે. પશુ સંવેદના, કાઉ કમ્ફર્ટ અને દેશી જિનેટિક્સના મહત્વ પર પ્રકાશ પાડતાં અધ્યક્ષશ્રીએ પોતાના બ્રાઝિલ પ્રવાસનો સંસ્મરણ ટાંક્યા હતા કે, દાયકાઓ પહેલાં ભારતમાંથી ગયેલી કાંકરેજ ગાયો આજે પણ પરંપરાગત 'ડચકારા'ના અવાજને ઓળખીને દોડી આવે છે, જે સાબિત કરે છે કે દેશી નસ્લના જિન્સમાં અદ્ભુત યાદશક્તિ સંગ્રહાયેલી હોય છે. તેમણે જણાવ્યું કે, પશુઓને માત્ર દૂધ, ફેટ કે નફાના માધ્યમ તરીકે ન જોતાં તેમની લાગણીઓ અને માનસિક શાંતિ (કાઉ કમ્ફર્ટ)નું પણ ધ્યાન રાખવું જોઈએ. પોતાના ફાર્મના પ્રયોગનો સંદર્ભ આપતાં તેમણે જણાવ્યું કે ગાયોને બંધિયાર રાખવાને બદલે મુક્ત રીતે ચરવા દેવાથી તેમની પાચનપ્રક્રિયા સુધરે છે અને દૂધ ઉત્પાદનમાં આપોઆપ ૮૦૦ થી ૯૦૦ ગ્રામનો વધારો નોંધાયો હતો, જે દર્શાવે છે કે વૈજ્ઞાનિક સંશોધનોમાં પ્રાણીઓની સંવેદનાનો સમાવેશ કરવો અનિવાર્ય છે. ગાયને સમગ્ર પ્રકૃતિ અને પર્યાવરણનો પાયો ગણાવતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, જેમ સમગ્ર બ્રહ્માંડમાં ઊર્જાનો મુખ્ય સ્ત્રોત સૂર્ય છે, તેમ જમીનની તંદુરસ્તી અને પોષક તત્વોનો મૂળ આધાર ગાય છે. ગાયનું છાણ અને ગૌમૂત્ર જમીનની ગુણવત્તા જાળવવા માટે અતિ મૂલ્યવાન છે. તેમણે દેશી ગાયના ગૌમૂત્રમાંથી પાવડર બનાવી તેમાંથી ૩૦ ટકા કુદરતી પોટાશ મેળવવામાં મળેલી સફળતાની વિગતો આપતાં જણાવ્યું કે, જે પોટાશ આપણે મોંઘા ભાવે વિદેશમાંથી આયાત કરવો પડે છે તે ગૌમૂત્ર દ્વારા દેશમાં જ ઉપલબ્ધ થઈ શકે તેમ છે. આ દિશામાં સંશોધનો આગળ વધારીને રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડી શકાય છે અને ધરતી માતાનું સ્વાસ્થ્ય પણ સુધારી શકાય છે. બનાસ ડેરીના દેશવ્યાપી વિકાસ અને વેટરનરી ક્ષેત્રે ઊભી થતી નવી તકો અંગે અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, બનાસ ડેરીનું કાર્યક્ષેત્ર હવે ઉત્તર પ્રદેશ, ઓડિશા, ઝારખંડ, તેલંગાણા અને રાજસ્થાન જેવા રાજ્યોમાં વિસ્તરી રહ્યું છે. એકલા ઉત્તર પ્રદેશના ૨૭ હજારથી વધુ ગામોમાં બનાસ ડેરી પહોંચી છે, જ્યાં ૧.૩૦ કરોડથી વધુ ભેંસોની વસ્તી છે. સહકારી માળખા થકી છેવાડાના ગામો સુધી પશુ આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે ચાલુ વર્ષે ૫૦થી વધુ અને આગામી સમયમાં દર વર્ષે ૧૦૦ થી ૨૦૦ નવા વેટરનરી ડોક્ટરોની જરૂરિયાત ઊભી થશે. બનાસ ડેરી જાપાનીઝ 'ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ' (TQM), કાઈઝન અને ભારતીય માનવીય મૂલ્યોના સમન્વયથી એક અનોખી કાર્યસંસ્કૃતિ બનાવી રહી છે, જેના કારણે સિવિલ સર્વિસ અને ભારતીય સેનાના નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓ પણ બનાસ સાથે જોડાઈ રહ્યા છે. સાથોસાથ સંસ્થા દ્વારા માનવ કલ્યાણ અર્થે ગર્ભસંસ્કાર જેવા સામાજિક આયામો પણ અમલી બનાવાયા છે. આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.એન.એચ. ટાંક, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. આર. એમ. ચંદેલ, વેટરનરી વિભાગના ઉચ્ચ અધિકારીશ્રી ચિંતનભાઈ, લમ્પી ત્વચા રોગ રસીકરણ અભિયાનમાં નોંધપાત્ર કામગીરી કરનાર અધિકારી સુશ્રી ફાલ્ગુનીબેન ઠાકર, વરિષ્ઠ તજજ્ઞો ડૉ. કોડીકા, ડૉ. ચૌહાણ, ડૉ. હરિભાઈ, ડૉ. જગદીશભાઈ તેમજ વિવિધ મહાવિદ્યાલયોના પ્રિન્સિપાલશ્રીઓ, પશુપાલન વૈજ્ઞાનિકો, વેટ્સ એલ્યુમિનાઈ સભ્યો અને મોટી સંખ્યામાં પશુચિકિત્સક વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હૈદરાબાદમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ના રોડ-શોમાં ૩૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા

કમલમ્,

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના માનનીય મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ હૈદ્રાબાદમાં ૧૨ બિઝનેસ અને સંસ્થાઓ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ હૈદરાબાદમાં આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) ૨૦૨૭ના રોડ-શોને સંબોધિત કર્યો હતો. માનનીય મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, "ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC), લાઈફ સાયન્સિસ, બાયોટેકનોલોજી, એરોસ્પેસ, ડિફેન્સ અને ઈનોવેશનના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું તેલંગાણા, ગુજરાતની વિકાસ યાત્રામાં એક સહજ ભાગીદાર રાજય છે. ગુજરાત ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓ, બંદરો, સેમિકન્ડક્ટર્સ, રિન્યુએબલ એનર્જી અને ગ્લોબલ કનેક્ટિવિટીના ક્ષેત્રમાં પોતાની મજબૂત તાકાત ધરાવે છે. મને દ્રઢ વિશ્વાસ છે કે આપણા ઉદ્યોગો, સાહસિકો અને યુવા પ્રતિભાઓને એકસાથે લાવીને, આપણે ઈનોવેશન, રોજગારી અને સામાજિક સમૃદ્ધિ માટે નવી તકો ઊભી કરી શકીશું." આ રોડશોમાં કુટીર અને ગ્રામોદ્યોગના કમિશનર અને અગ્ર સચિવ શ્રી મહોમ્મદ શાહિદ (IAS) દ્વારા VGGS 2027 અંગે એક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના "મેક્સિમમ ગવર્નન્સ, મિનિમમ ગવર્નમેન્ટ"ના વિઝન પર ભાર મૂકવાની સાથે ગુજરાતમાં ઉદ્યોગો માટેની તકો અને પ્રોત્સાહનો વિશે માહિતી આપવામાં આવી હતી. ગાંધીનગર ખાતે "વિકસિત ગુજરાત -શિપિંગ ગ્લોબલ ફ્યુચર" થીમ પર ૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન ૧૦–૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન કરવામાં આવશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ભીલડી આગમન પૂર્વે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ તૈયારીઓની સમીક્ષા કરી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૩૦મી ઓક્ટોબરે ભીલડીથી પીએમ કિસાન સન્માન નિધિનો ૨૪મો હપ્તો રિલીઝ કરશે; બનાસ ડેરીના પાંચ મોટા પ્રકલ્પોની ભેટ આપશે

કમલમ્,પાલનપુર

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦મી ઓક્ટોબર ૨૦૨૬, શુક્રવારના રોજ બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી દેશના કરોડો ખેડૂતોને પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૨૪મો હપ્તો રિલીઝ કરશે.

આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનશ્રી દ્વારા બનાસ ડેરીના પાંચ મહત્વપૂર્ણ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થશે. જેમાં મુખ્યત્વે ભીલડી ખાતે ૧૨૭ એકર જેટલા વિશાળ પરિસરમાં રૂ. ૩૨૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ અત્યાધુનિક 'ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર' (BBBRC) દેશના પશુપાલકો અને કિસાનોના કલ્યાણ અર્થે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે.

શ્વેત ક્રાંતિની દિશામાં આ પ્રોજેક્ટ દેશભરમાં પશુ સંવર્ધન અને દૂધ ઉત્પાદકતા વધારવા માટે માઈલસ્ટોન સાબિત થશે. વડાપ્રધાનશ્રીના આગમનને પગલે વહીવટીતંત્ર અને બનાસ ડેરી દ્વારા વ્યાપક સ્તરે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

કાર્યક્રમ પૂર્વે રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તેમજ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ભીલડી ખાતે કાર્યક્રમ સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી.

તેમણે નવનિર્મિત 'ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર' પરિસર અને મુખ્ય સભા મંડપની વિઝિટ કરીને ચાલી રહેલી તૈયારીઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું તેમજ સ્થળ પર હાજર સંબંધિત અધિકારીઓને આયોજન સુચારુ રીતે પાર પડે તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનારા હજારો નાગરિકો, ખેડૂતો અને પશુપાલકો માટે વાહન પાર્કિંગ, સુરક્ષા વ્યવસ્થા, પીવાના પાણી અને બેઠક વ્યવસ્થા જેવી પ્રાથમિક સુવિધાઓ કોઈપણ અડચણ વિના જળવાઈ રહે તે અંગે સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ સ્થળ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલ, રેન્જ આઈ.જી શ્રી પરીક્ષિતા રાઠોડ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુમ્બે સહિત જિલ્લા વહીવટી અને પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા બનાસ ડેરીના પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત અમદાવાદ ખાતે કેન્દ્રીય મંત્રી અને ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાઈ

ચૂંટણીમાં જીત મળે ત્યારે જનતાના આશીર્વાદ ગણાવવા અને હાર થાય ત્યારે ચૂંટણી પંચને દોષિત ઠેરવવું એ કોંગ્રેસની રાજકીય તકવાદી માનસિકતા દર્શાવે છે -શ્રી જે.પી. નડ્ડાજી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ દેશના ચૂંટણી પંચના ચૂંટણી કમિશનરની નિમણૂકની પ્રક્રિયામાં વિપક્ષના નેતાને પણ ભાગીદાર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે -શ્રી જે.પી. નડ્ડાજી

કમલમ્,

દેશમાં અશાંતિ અને અરાજકતા ફેલાવી દેશની સંવિધાનિક સંસ્થાઓ અને ચૂંટણી પંચની વિશ્વસનીયતા સામે જનમાનસમાં ભ્રમ અને અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાના કોંગ્રેસના નિમ્નસ્તરના પ્રયાસો સામે જનજાગૃતિના ઉદ્દેશ્ય સાથે ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત આજે અમદાવાદના નવા વાડજ ખાતે કેન્દ્રીય મંત્રી અને ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, ભાજપાના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી પ્રવીણભાઈ માળી, શ્રીમતી દર્શનાબેન વાઘેલા, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી સ્વરૂપજી ઠાકોર, શ્રી પી.સી. બરંડા, પ્રદેશ સંગઠનના પદાધિકારીઓ, અમદાવાદના મેયર, શહેર અધ્યક્ષ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સિનિયર આગેવાનો, સ્થાનિક સંગઠન, કાર્યકર્તાઓ સહિત વિવિધ સામાજિક અગ્રણીઓ, પ્રબુદ્ધ નાગરિકો સહિત સ્થાનિકો ઉપસ્થિત રહ્યાં હતાં. કેન્દ્રીય મંત્રીશ્રી જે.પી. નડ્ડાજીએ આ પ્રસંગે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન દ્વારા લોકશાહી વ્યવસ્થા અને સંવિધાનિક સંસ્થાઓ સામે કરવામાં આવી રહેલ ભ્રામક પ્રચાર તથા દેશમાં અરાજકતા ફેલાવવાના પ્રયાસોનો ભાજપાના કાર્યકર્તાઓ જનતાની વચ્ચે રહીને જડબાતોડ જવાબ આપશે. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. વિશ્વએ સ્વીકાર્યું છે કે લોકશાહીનું સાચા અર્થમાં જતન અને સંવર્ધન ભારતમાં થાય છે. ભારતના ચૂંટણી પંચ, સુપ્રીમ કોર્ટ અને અન્ય સંવિધાનિક સંસ્થાઓએ પોતાની ગરિમા અને નિષ્પક્ષતા જાળવીને વિશ્વ સમક્ષ ભારતીય લોકશાહીની મજબૂતી સાબિત કરી છે. આજે વિશ્વના અનેક દેશો ભારતની ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની કામગીરીને ઉદાહરણ તરીકે જુએ છે. તેમણે કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધનની રાજનીતિ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણીમાં જીત મળે ત્યારે જનતાના આશીર્વાદ ગણાવવા અને હાર થાય ત્યારે ચૂંટણી પંચને દોષિત ઠેરવવું એ કોંગ્રેસની રાજકીય તકવાદી માનસિકતા દર્શાવે છે. મતદાર યાદીની ચકાસણી દરમિયાન સ્થળાંતરિત થઈ ગયેલા, મૃત્યુ પામેલા, એકથી વધુ વખત નોંધાયેલા તથા સરનામે ઉપલબ્ધ ન હોય તેવા મતદારોની વિગતો સામે આવે છે. આવા નામોની યોગ્ય ચકાસણી કરીને યાદી સુધારવી એ લોકશાહીને મજબૂત કરવાની આવશ્યક પ્રક્રિયા છે. SIR કોઈ નવી પ્રક્રિયા નથી. દેશમાં અગાઉ પણ અનેક વખત આ કામગીરી થઈ ચૂકી છે. ભૂતકાળમાં કોંગ્રેસના શાસન દરમિયાન પણ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જ્યારે અટલજી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં પણ મતદાર યાદીઓની વિશેષ સુધારણા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, દેશની લોકશાહી વ્યવસ્થામાં માત્ર પાત્ર નાગરિકોને જ મતદાનનો અધિકાર મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ઘૂસણખોરોના નામ મતદાર યાદીઓમાં સામેલ થવાથી લોકશાહી પ્રક્રિયાની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઊભા થાય છે. તેમણે પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશની સરહદે આવેલા નવ જિલ્લાઓમાં મતદારોની સંખ્યામાં અસામાન્ય વધારો નોંધાયો હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે મતદાર યાદીઓની સઘન ચકાસણીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બિહારનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, મતદાર યાદીઓની સુધારણા બાદ રાજ્યમાં આઝાદી બાદ પ્રથમ વખત આશરે ૬૬ ટકા મતદાન થયું હતું. કર્ણાટકના મહાદેવપુરા મતવિસ્તારમાં કથિત ગેરરીતિઓ અંગે રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોનો ઉલ્લેખ કરતાં શ્રી નડ્ડાજીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે આક્ષેપોની તપાસ માટે જરૂરી પ્રક્રિયા અનુસરવા અને સોગંદનામા સાથે વિગતો રજૂ કરવા જણાવ્યું હતું. તેમ છતાં, તેમના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ દ્વારા આ મામલે આગળની ઔપચારિક કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે કહ્યું હતું કે, જો કોઈને ચૂંટણી પ્રક્રિયા સામે વાંધો હોય તો યોગ્ય પુરાવા સાથે સક્ષમ સંસ્થાઓ સમક્ષ રજૂઆત કરવી જોઈએ. આક્ષેપો કરીને સંસ્થાઓની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઊભા કરવાથી લોકશાહી મજબૂત થતી નથી. શ્રી નડ્ડાજીએ કોંગ્રેસની રાજકીય કાર્યશૈલીની ટીકા કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસને જ્યારે પોતાની તરફેણમાં નિર્ણય ન મળે ત્યારે તે ન્યાયતંત્ર અને અન્ય સંસ્થાઓ સામે સવાલો ઊભા કરે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન અનેક ચૂંટાયેલી સરકારોને બરતરફ કરવામાં આવી હતી અને પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીના શાસનમાં પણ વારંવાર ચૂંટાયેલી સરકારોને હટાવવામાં આવી હતી. તેની સામે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂકની પ્રક્રિયામાં વિપક્ષના નેતાને પણ ભાગીદાર બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ લોકશાહી પ્રક્રિયામાં પારદર્શિતા અને સંસ્થાકીય સંતુલન જાળવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં લાંબા સમયથી સત્તા મેળવવામાં કોંગ્રેસ નિષ્ફળ રહી છે. ઝારખંડમાં પોતાની સરકાર રચવામાં મુશ્કેલી, ઓડિશામાં લાંબા સમયથી સત્તાથી દૂર રહેવું અને દિલ્હીમાં તથા કેન્દ્રમાં સતત પરાજયનો સામનો કરવો પડતાં કોંગ્રેસ હતાશ થઈ ગઈ છે. જનતાનો વિશ્વાસ ગુમાવ્યા બાદ કોંગ્રેસ હવે સંવિધાનિક સંસ્થાઓ અને લોકશાહી પ્રક્રિયા પર સવાલો ઉઠાવીને પોતાની નિષ્ફળતા છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે ભૂતકાળમાં કોંગ્રેસના નેતાઓ દ્વારા અનેક વખત અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમને "મોતના સોદાગર", "ચા વાળો" અને "નીચ" જેવા શબ્દોથી સંબોધવામાં આવ્યા હતા, તેમ છતાં દેશની જનતાએ વારંવાર તેમને પોતાના આશીર્વાદ આપીને વડાપ્રધાન તરીકે ચૂંટ્યા છે. કોંગ્રેસે આ રાજકીય વાસ્તવિકતામાંથી બોધપાઠ લેવો જોઈએ અને જનતાના જનાદેશનું સન્માન કરતાં શીખવું જોઈએ. શ્રી નડ્ડાજીએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કરવામાં આવેલી અશોભનીય ટિપ્પણીની ટીકા કરતાં જણાવ્યું હતું કે, રાજકીય મતભેદો વચ્ચે પણ વ્યક્તિગત અને સ્વર્ગસ્થ પરિવારજનો અંગે અપમાનજનક ભાષાનો ઉપયોગ અયોગ્ય છે અને દેશની જનતા કોંગ્રેસને યોગ્ય જવાબ આપશે. તેમણે ભાજપાના કાર્યકર્તાઓને કોંગ્રેસના ભ્રામક પ્રચારનો તથ્યોના આધારે જવાબ આપવા અને લોકશાહી તથા સંવિધાનિક સંસ્થાઓની વિશ્વસનીયતા અંગે જનજાગૃતિ ફેલાવવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ ચૂંટણીમાં જનતાનો વિશ્વાસ જીતવામાં નિષ્ફળ જાય ત્યારે પોતાની હારની જવાબદારી સ્વીકારવાને બદલે પહેલા ઈવીએમને દોષ આપતી અને હવે જીઈને દોષ આપે છે. લોકશાહીમાં જનતાનો જનાદેશ સર્વોપરી છે અને તેનો સ્વીકાર કરવો દરેક રાજકીય પક્ષની જવાબદારી છે. શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, માત્ર આક્ષેપોથી રાજનીતિ ચાલી શકતી નથી.

ચૂંટણી જીતવા માટે જનતાની વચ્ચે જઈને કામ કરવું પડે, લોકોની સમસ્યાઓ સમજવી પડે અને જનવિશ્વાસ સંપાદિત કરવો પડે જેમાં કોંગ્રેસ સદંતર નિષ્ફળ રહી છે. સતત ચૂંટણીમાં પરાજય બાદ પણ કોંગ્રેસ આત્મમંથન કરવાને બદલે ચૂંટણી પ્રક્રિયા પર સવાલો ઉઠાવી રહી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી સરકારને ઘેર્યાના દાવા કરે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશના ૧૪૦ કરોડ નાગરિકોના પ્રેમ અને વિશ્વાસનું મજબૂત સમર્થન પ્રાપ્ત છે. કાશ્મીર થી કન્યાકુમારી સુધી યુવાનો, વડીલો સહિત દેશના નાગરિક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે અડીખમ ઉભા છે. આ જનવિશ્વાસ કોઈ રાજકીય નિવેદનથી તોડી શકાય તેમ નથી. કોંગ્રેસના નેતાઓની આગાહીઓ અને દાવાઓ વારંવાર ખોટા સાબિત થઈ રહ્યા છે, કારણ કે તેઓ જનતાની વાસ્તવિક લાગણી અને અપેક્ષાઓને સમજવામાં નિષ્ફળ રહ્યા છે. શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓને ચૂંટણીમાં પોતાની હાર દેખાતાં તેમની ભાષા પરનો સંયમ પણ છૂટી રહ્યો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કરવામાં આવેલી અશોભનીય ટિપ્પણી દુર્ભાગ્યપૂર્ણ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કરોડો પરિવારોને પાકાં આવાસ મળ્યાં, ઘર-ઘર સુધી પીવાનું પાણી પહોંચ્યું, ઉજ્જ્વલા યોજનાથી મહિલાઓને ધુમાડાથી મુક્તિ મળી, આરોગ્ય સુરક્ષાની યોજનાઓથી ગરીબ પરિવારોને સારવારનો આધાર મળ્યો, કલમ ૩૭૦ નાબૂદ થઈ અને રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં ભારતે નિર્ણાયક અભિગમ અપનાવ્યો. સાથે જ આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું ગૌરવ વધ્યું છે. આ જનકલ્યાણનાં કાર્યો અને રાષ્ટ્રહિત માટેના નિર્ણયો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે જનતાના વિશ્વાસનો આધાર છે. શ્રી હર્ષભાઈ સંઘવીએ અંતમાં જણાવ્યું હતું કે, ચૂંટણી વખતે મોટા દાવા કરવા અને પરિણામો બાદ જનાદેશ પર સવાલો ઉઠાવવા એ લોકશાહીની ભાવનાને અનુરૂપ નથી. કોંગ્રેસે આક્ષેપોની રાજનીતિ છોડીને જનતાની વચ્ચે જઈને કામ કરવાની જરૂર છે. બીજી તરફ, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રહિત, જનકલ્યાણ અને વિકાસના સંકલ્પ સાથે જનતાની સેવા માટે સતત કાર્યરત છે. વિશાળ જનસમૂહ સાથે યોજાયેલ આ પદયાત્રામાં 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો', 'કોંગ્રેસનો હાથ ઘુષણખોરોને સાથ', 'લોકતંત્રનો હુંકાર, અરાજકતાની હાર' સહિતના આક્રોશપૂર્ણ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

રાજનીતિ માત્ર આક્ષેપોથી નથી જીતી શકાતી, ચૂંટણી જીતવા માટે જનતાની વચ્ચે જઈને કામ કરવું પડે, લોકોની સમસ્યાઓ સમજવી પડે અને જનવિશ્વાસ સંપાદિત કરવો પડે જેમાં કોંગ્રેસ સદંતર નિષ્ફળ રહી છે -શ્રી હર્ષભાઈ સંઘવી

પાલનપુરના UHT પ્લાન્ટના વેરહાઉસમાં આધુનિક સંગ્રહ પ્રણાલીનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શુભારંભ થશે

કમલમ્, પાલનપુર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પાલનપુરમાં બનાસ ડેરીના UHT પ્લાન્ટના વેરહાઉસમાં આધુનિક સંગ્રહ પ્રણાલીની શરૂઆત કરાવશે. ઑટોમેટેડ સ્ટોરેજ એન્ડ રીટ્રાઈવલ સિસ્ટમ (ASRS) તરીકે ઓળખાતી આ વ્યવસ્થા શરૂ થવાથી ત્યાં દૂધના ઉત્પાદનોને ગોઠવવાની અને સંગ્રહ કરવાની કામગીરી મશીનો દ્વારા થશે. ૩૧.૧૪ કરોડના ખર્ચે આ વ્યવસ્થા અહીં શરૂ કરવામાં આવી છે. દૂધના ઉત્પાદનોને અહીં રાખવા માટે ૯ માળ સુધી સ્ટીલ રેકનું નિર્માણ કરવામાં આવ્યુંછે, જેમાં ૧૧ હજાર પેલેટ સંગ્રહ કરવાની ક્ષમતા છે. ASRS (ઓટોમેટેડ સ્ટોરેજ એન્ડ રિટ્રાઈવલ સિસ્ટમ) એક એવી પ્રણાલી છે, જેમાં ક્રેન, શટલ, રોબોટ અને કન્વેયર્સ જેવા મશીનોનો ઉપયોગ કરીને વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે છે. જ્યારે જરૂર પડે ત્યારે આ મશીનો તે વસ્તુઓને પાછી લાવી આપે છે. વેરહાઉસમાં રાખેલા સામાનની દેખરેખ રાખવા અને ઓર્ડરની પ્રક્રિયાને ઝડપથી પૂર્ણ કરવા માટે ખાસ સોફ્ટવેરથી કામગીરી કરવામાં આવે છે. તેના લીધે કામગીરી વધુ ચોક્કસ બને છે અને કાર્યક્ષમતામાં સુધારો થાય છે.

પાલનપુરના વેરહાઉસમાં મધર-ચાઈલ્ડ શટલ ASRS

પાલનપુરના વેરહાઉસમાં જે મલ્ટી-ડીપ ઓટોમેટેડ સ્ટોરેજ એન્ડ રીટ્રાઈવલ સિસ્ટમ (ASRS) શરૂ કરવામાં આવી છે, તેમાં મધર-ચાઈલ્ડ શટલ વ્યવસ્થા છે. મધર શટલ એ ચાઈલ્ડ શટલને રેકની અલગ અલગ લેનમાં લઈ જાય છે. ત્યારબાદ ચાઈલ્ડ શટલ રેકની અંદર જઈને પેલેટ અને બોક્સને ચોક્કસ સ્થાન પર મૂકે છે અને જરૂર પડે ત્યારે સામાન પાછો લઈ આવે છે. આ કામગીરી સંપૂર્ણ રીતે ઓટોમેટેડ રીતે થતાથી માનવીય હસ્તક્ષેપ અને તેના લીધે થતી ભૂલોની સંભાવના ઘટે છે તેમજ કામગીરી વધુ ઝડપથી પૂર્ણ થાય છે.

તમામ UHT ઉત્પાદનો સંગ્રહિત કરવામાં આવશે

વર્ષ ૨૦૧૫માં પાલનપુરમાં શરૂ થયેલા UHT (અલ્ટ્રા હીટ ટ્રીટમેન્ટ) પ્લાન્ટમાં દૂધ અને તેના ઉત્પાદનોને ખાસ તાપમાનની પદ્ધતિથી એવી રીતે સુરક્ષિત કરવામાં આવે છે કે રેફ્રિજરેશન કે પ્રિઝર્વેટિવ્સ વિના છ મહિના સુધી શેલ્ફ પર તાજા રહે છે. આ વેરહાઉસમાં આ પ્રકારના UHT ઉત્પાદનો (કાઉ-બફેલો ગોલ્ડ, લાઇ પ્રોટીન લસ્સી, એપલ ટુ, ટી સ્પેશ્યલ વગેરે) રાખવામાં આવશે.

UHT પ્લાન્ટમાં દૈનિક ૫.૫ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ, વાર્ષિક ૧૦૫૦ કરોડની આવક

આ UHT પ્લાન્ટમાં દરરોજ ૫.૫ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ કરવામાં આવે છે અને વાર્ષિક આવક ૧૦૫૦ કરોડ (૨૦૨૫-૨૬) જેટલી છે. આ પ્લાન્ટમાંથી દૂધ, ટ્રુ (Tru), મસાલા છાશ, હાઈ-પ્રોટીન ડ્રિંક્સ અને ઘી સમગ્ર ભારતના બજારોમાં પહોંચે છે અને સિંગાપોર, માલદીવ્સ, યુએઈ અને મલેશિયામાં નિકાસ થાય છે. મહિનામાં સરેરાશ રીતે આ પ્લાન્ટ પહેલેથી જ તેની સાબિત થયેલી ટોચની ક્ષમતાના લગભગ ૯૦ ટકા પર ચાલે છે.

પરંપરાગત વેરહાઉસની મર્યાદાઓ દૂર થશે

પરંપરાગત વેરહાઉસમાં પેકિંગ લાઈનમાંથી આવતા પેલેટ્સને ફોર્કલિફ્ટની મદદથી ખસેડીને ગોઠવવામાં આવે છે. ક્યો પેલેટ ક્યાં મૂકવામાં આવ્યો છે તેની નોંધ રાખવી પડે છે અને માલ રવાના કરવાનો સમય આવે ત્યારે તેને ફરીથી શોધવો પડે છે. જોકે ઉત્પાદનમાં વધારો થાય ત્યારે પરંપરાગત વેરહાઉસની મર્યાદાઓ સામે આવે છે. ફોર્કલિફ્ટની અવરજવર માટે પહોળા રસ્તાની જરૂર પડે છે. પેલેટ્સ મર્યાદિત ઊંચાઈ સુધી જ ગોઠવી શકાતા હોવાથી વધુ જગ્યાનો ઉપયોગ થાય છે. હજારો પેલેટ્સમાંથી કોઈ ચોક્કસ બેચ શોધવામાં સમય લાગે છે અને માનવીય ભૂલની સંભાવના પણ રહે છે.

સોફ્ટવેર દ્વારા પેકિંગથી લઈને માલ રવાના કરવા સુધી ટ્રેકિંગ

નવી ASRS સિસ્ટમમાં મશીનો અને કોમ્પ્યુટર સોફ્ટવેરની મદદથી આ સમગ્ર પ્રક્રિયા ઓટોમેટેડ બનશે. પેકિંગ લાઈનમાંથી આવતા પેલેટ્સને ઓટોમેટેડ મશીનો ઊંચા રેક્સમાં યોગ્ય જગ્યાએ ગોઠવશે. દરેક પેલેટ ક્યાં રાખવામાં આવ્યો છે તેની માહિતી કોમ્પ્યુટર સિસ્ટમમાં નોંધાશે. જ્યારે કોઈ ચોક્કસ ઉત્પાદન કે બેચની જરૂર પડશે ત્યારે સિસ્ટમ તેને આપમેળે શોધીને ડિસ્પેચ વિભાગ સુધી પહોંચાડશે. આ માટે કર્મચારીઓને વેરહાઉસમાં જઈને પેલેટ શોધવાની જરૂર નહીં પડે. પેકિંગ લાઈનથી લઈને માલ રવાના થાય ત્યાં સુધી દરેક ઉત્પાદનનું ટ્રેકિંગ કરી શકાશે. કોઈ બેચની તપાસ કરવાની હોય કે તેને બજારમાં મોકલવાનો હોય, તો તેની ચોક્કસ સ્થિતિ તરત જ જાણી શકાશે.

ઉત્પાદન અને બજારને જોડતી સ્માર્ટ સિસ્ટમ

આ પરિવર્તનની સૌથી મહત્વપૂર્ણ બાબત વેરહાઉસની બદલાતી ભૂમિકા છે. અત્યાર સુધી વેરહાઉસ મુખ્યત્વે તૈયાર માલનો સંગ્રહ કરવાની જગ્યા તરીકે કામ કરતું હતું. તેની સંગ્રહક્ષમતા અને કામગીરીની ઝડપના આધારે પેકિંગ કેટલું ઉત્પાદન કરી શકે અને કેટલો માલ બજારમાં મોકલી શકે તે નક્કી થતું હતું.

ASRS ટેક્નોલોજીથી વેરહાઉસ હવે પેકિંગ લાઈન અને બજાર વચ્ચે એક ઓટોમેટેડ અને ડેટા આધારિત વ્યવસ્થામાં પરિવર્તિત થશે. પાલનપુરની ASRS સિસ્ટમ બનાસ ડેરીમાં ચાલી રહેલા વ્યાપક ટેક્નોલોજિકલ પરિવર્તનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ઓટોમેશન મુખ્યત્વે દૂધની પ્રોસેસિંગ અને પેકિંગ કામગીરી સાથે સંકળાયેલું હતું હવે આ ટેક્નોલોજી વેરહાઉસિંગ અને સપ્લાય ચેઈન સુધી વિસ્તરી રહી છે.

સહકારથી સમૃદ્ધિ: બનાસ ડેરીનું વાર્ષિક ટર્નઓવર ૨૧,૨૦૦ કરોડને પાર

વર્ષ ૧૯૬૯ સ્થાપિત થયેલી બનાસ ડેરી આજે ૧,૫૦૫ ગ્રામ્ય દૂધસહકારી મંડળીઓ દ્વારા ૪.૫ લાખથી વધુ પશુપાલક સભાસદો પાસેથી દરરોજ સરેરાશ ૮૩ લાખ લિટર દૂધ એકત્ર કરે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં સંસ્થાનું વાર્ષિક ટર્નઓવર ૨૧,૨૦૦ કરોડથી વધુ થયું છે, અને તેની કુલ આવકનો ૮૨ ટકા જેટલો માતબર હિસ્સો સીધો ખેડૂતોના આર્થિક વળતર સ્વરૂપે પરત કરવામાં આવે છે.

બનાસકાંઠા માં આકાર પામી રહેલા આ તમામ નવતર પ્રોજેક્ટ્સ પશુપાલન અને ખેતીમાં સ્માર્ટ અને વૈજ્ઞાનિક અભિગમ સાથે કામ કરવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

ઊંઝા-સિદ્ધપુરની દૂધ મંડળીઓ સાથે ધારાસભ્યશ્રી બલવંતસિહ રાજપૂતની અદયક્ષાતામાં સમીક્ષા બેઠક

કમલમ્,

ઊંઝા અને સિદ્ધપુર બ્લોકની સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓના પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, સભાસદશ્રીઓ તથા ડેરીના પ્રતિનિધિઓ અને સહકારી આગેવાનો સાથે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના આગામી કાર્યક્રમોના સુચારુ આયોજન સંદર્ભે ધારાસભ્યશ્રી બલવંતસિહ રાજપૂતની ઉપસ્થિતિમાં વિશેષ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી તા. ૩૦ ઓક્ટોબરના રોજ યોજાનારા 'પીએમ કિસાન સન્માન નિધિ' કાર્યક્રમ તથા તા. ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે યોજાનારી 'રાષ્ટ્રીય એકતા પરેડ' કાર્યક્રમના જીવંત પ્રસારણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બંને કાર્યક્રમોમાં વધુમાં વધુ પશુપાલકો, ખેડૂતો અને નાગરિકો સહભાગી બને અને દરેક દૂધ મંડળી ખાતે લાઈવ પ્રસારણની વ્યવસ્થા. ઉપસ્થિત તમામ પ્રતિનિધિઓને ધારાસભ્યશ્રીએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં શ્રી સોમાજી ઠાકોર, શ્રી હરિભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી વિજયસિંહ રાજપૂત, શ્રી નરેન્દ્રભાઈ ચૌધરી, શ્રી અભૂજી ઠાકોર, શ્રી રવિભાઈ પટેલ અને શ્રી કનુજી ઠાકોર સહિત તાલુકા પંચાયતનો સ્ટાફ, વિવિધ ડેરીના પ્રમુખશ્રીઓ તથા મહામંત્રીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિધાનસભાના અધ્યક્ષાશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે રાહ તાલુકાના લુવાણા (ક) થી પેપર સુધીના રૂ. ૪૧૦ લાખના માર્ગનું કરાયું ખાતમુહુર્ત

લુવાણા થી પેપર માર્ગ સામાજિક વ્યવહાર, દર્શનાર્થીઓ અને દૂધ ઉત્પાદક પશુપાલકો માટે મહત્વપૂર્ણ બની રહેશે :- અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

કમલમ્, થરાદ

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે આજરોજ વાવ-થરાદ જિલ્લાના રાહ તાલુકાના લુવાણા (ક) થી પેપર સુધીના રૂ. ૪૧૦ લાખના માર્ગનું કરાયું ખાતમુર્હુત કરાયું હતું.

વાવ-થરાદ જિલ્લાના રાહ તાલુકામાં ગ્રામીણ માર્ગજોડાણને વધુસુદ્રઢ બનાવવાના ભાગરૂપે માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા રૂ. ૪૧૦ લાખના ખર્ચે સાકાર થનાર લુવાણા (ક) થી પેપર સુધીના ૩.૭૫૦ કિલોમીટર લાંબા રસ્તાના કામનું ખાતમુર્હુત કરાયું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, લુવાણા થી પેપર સુધીનો રસ્તો એ બંને ગામો વચ્ચે સામાજિક વ્યવહાર, પેપર ખાતે મહાદેવજીના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ તેમજ ખેતરોમાંથી દૂધ મંડળી સુધી દૂધ પહોંચાડતા પશુપાલકો માટે અત્યંત મહત્વનો બની રહેશે. તેવી જ રીતે રાહથી ખોડા તરફ જતા રસ્તાની ૨૫ વર્ષ જૂની માંગણી પણ હવે ઝડપથી પૂર્ણતાના આરે છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, હાલ જ્યાં કાચું નેળિયું છે ત્યાં આગામી ૩૧ માર્ચ પહેલાં વાહનો સરળતાથી દોડી શકે તેવો ઉત્તમ ગુણવત્તાયુક્ત પાકો રસ્તો તૈયાર કરાશે અને નિયત સમયમર્યાદામાં કામ પૂરું થાય તે માટે તેઓ સ્વયં જાતતપાસ પણ કરશે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, લોકશાહીમાં જ્યાં વિશ્વાસ અને સ્નેહ હોય ત્યાં જ પ્રજા પોતાની માંગણીઓ રજૂ કરતી હોય છે. લુવાણા ગામમાં થયેલા વિકાસકામો ગ્રામજનોની નજર સમક્ષ છે. પંચાયતી રાજ વ્યવસ્થા હેઠળ આજે ગામડાંઓમાં લાખો નહીં પરંતુ કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતોના હવાલે કરવામાં આવી રહી છે, જેથી સ્થાનિક જરૂરિયાત મુજબ સમયસર આયોજન થઈ શકે. ભૂતકાળની સરખામણીએ વર્તમાન સમયમાં સરહદી અને ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે અભૂતપૂર્વ નાણાકીય ફાળવણી થઈ રહી છે. આ વિસ્તારમાં ખેતીની સાથોસાથ પશુપાલન ક્ષેત્રે આવી રહેલા પરિવર્તનની વાત કરતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, ભવિષ્યમાં પશુપાલનનો વ્યવસાય મોટાપાયે વિકસવાનો હોવાથી રાહ પંથક માટે પશુ દવાખાનું અને પશુચિકિત્સક (વેટરનરી ડૉક્ટર)ની વ્યવસ્થા પણ મંજૂર કરાઈ છે.

સામાન્ય રીતે એક ઉત્તમ પશુ વર્ષમાં માત્ર એક જ બચ્ચાને જન્મ આપી શકે છે, પરંતુ આધુનિક વિજ્ઞાન અને એમ્બ્રીયો ટ્રાન્સફર (IVF - ગર્ભપ્રત્યારોપણ) ટેકનોલોજી થકી વધુ દૂધ આપતી શ્રેષ્ઠ ગાય કે ભેંસમાંથી એકજ વર્ષમાં ૨૫થી વધુ વાછરડી કે પાડીઓ તૈયાર કરી શકાય છે. આ વૈશ્વિક ટેકનોલોજીને બનાસકાંઠાના ધરતીપુત્રો સુધી પહોંચાડવા માટે ભીલડી ખાતે ૨૩૦ વીઘા જમીનમાં દેશનું સર્વપ્રથમ અને અદ્યતન એમ્બ્રીયો સેન્ટર તૈયાર થઈ ગયું છે, જેનું લોકાર્પણ આગામી ૩૦મી તારીખે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવશે.

સરહદી અને ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે ભૂતકાળની સરખામણીએ આજે અભૂતપૂર્વ નાણાકીય ફાળવણી થઈ રહી છે :- અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, બનાસ ડેરીના માધ્યમથી સ્થાનિક કક્ષાએ ૧,૦૦૦ પ્રગતિશીલ બ્રીડર્સને વિશેષ તાલીમ આપીને તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેથી સામાન્ય ખર્ચ અને માવજતમાં પશુપાલકોનું દૂધ ઉત્પાદન બમણાથી પણ વધુ થઈ શકે. જન્મ સમયે જ વાછરડી કે પાડીના લોહીના નમૂનાથી તેની ભવિષ્યની દૂધ ક્ષમતા અને રોગપ્રતિકારક શક્તિ જાણી શકાય તેવી જીનોમિક્સ ટેકનોલોજી હવે ઉપલબ્ધ છે.

કાંકરેજી દેશી ગાયો, ઉચ્ચ ઓલાદની ભેંસો તેમજ ૫૦ લિટર સુધી દૂધ આપતી એચ.એફ. ગાયોના સંવર્ધન થકી વિજ્ઞાન અને પરંપરાગત વિરાસતનો સમન્વય કરી ગ્રામીણ પશુપાલકોને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવાની દિશામાં આ ઐતિહાસિક કદમ છે. આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ, પંચાયતના પદાધિકારીઓ, માર્ગ-મકાન વિભાગના ઈજનેરો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

લોકશાહીનું રક્ષણ એ જ અમારો સંકલ્પ, રાષ્ટ્રહિત એ જ અમારું કર્તવ્ય: ધારાસભ્યશ્રી બલવંતસિહ રાજપૂત

નવા વાડજમાં 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત પદયાત્રા - ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્,

અમદાવાદના નવા વાડજ ખાતે 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં સિદ્ધપુરના લોકપ્રિય ધારાસભ્યશ્રી બલવંતસિહ રાજપૂતની વિશેષ ઉપસ્થિતિ. ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત પદયાત્રાને સંબોધતા જણાવવામાં આવ્યું હતું કે દેશમાં જ્યારે જ્યારે લોકશાહી પર સંકટ આવ્યું છે, ત્યારે ત્યારે રાષ્ટ્રહિત અને લોકશાહીના રક્ષણ માટે રાષ્ટ્રવાદી કાર્યકર્તાઓ અડીખમ ઊભા રહ્યા છે. કટોકટીના કાળા દિવસોમાં ઈન્દિરા ગાંધીની દમનકારી નીતિઓ પણ જનસંઘના કાર્યકર્તાઓના લોકશાહી પ્રત્યેના સમર્પણને ડગાવી શકી નહોતી. રાહુલ ગાંધીજી, યાદ રાખજો! સત્તાના અહંકારથી લોકશાહીના રક્ષકોનો અવાજ ક્યારેય દબાવી શકાતો નથી. ભારતીય જનતા પાર્ટીનો પ્રત્યેક કાર્યકર્તા લોકશાહી, બંધારણીય મૂલ્યો અને રાષ્ટ્રહિતની રક્ષા માટે હંમેશાં પ્રતિબદ્ધ છે. લોકશાહીનું રક્ષણ એ જ અમારો સંકલ્પ, રાષ્ટ્રહિત એ જ અમારું કર્તવ્ય! આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ સંગઠનના પદાધિકારીઓ, અમદાવાદના મેયરશ્રી, શહેર અધ્યક્ષાશ્રી, સાંસદશ્રીઓ, સાથી ધારાસભ્યશ્રીઓ, સિનિયર આગેવાનો, નવા વાડજના સ્થાનિક સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ સહિત વિવિધ સામાજિક અગ્રણીઓ, પ્રબુદ્ધ નાગરિકો અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં ખો-ખો ફાઈનલ સંપન્ના; વડોદરા રેન્જ અને આર્મ્ડ યુનિટ બન્યા ચેમ્પિયન

મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ એસડીઆરએફના સાધનોનું નિરીક્ષણ કરી માર્ગદર્શન આપ્યું

કમલમ્, પાલનપુર

ગુજરાત રાજ્ય પોલીસ દળમાં ખેલદિલી, શારીરિક સજ્જતા અને પરસ્પર સમન્વયની ભાવના સુદ્રઢ કરવાના આશયથી આયોજિત 'ગુજરાત પોલીસ ડીજીપી કપ-૨૦૨૬' અંતર્ગત રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.), જૂથ-૩, મડાણા ખાતે કબડ્ડી ક્લસ્ટર (કબડ્ડી, ખો-ખો, જિમ્નાસ્ટિક્સ અને ફેન્સિંગ)ની સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટના ભાગરૂપે ખો-ખો રમતની પુરુષ અને મહિલા વિભાગની અત્યંત રોમાંચક ફાઈનલ મેચો યોજાઈ હતી. આ અવસરે ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહન વ્યવહાર રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળી વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમ દરમિયાન રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ મેદાનમાં સિક્કો ઉછાળીને (ટોસ કરી) ફાઈનલ મુકાબલાની વિધિવત શરૂઆત કરાવી હતી તેમજ ખુરશી ગ્રહણ કરી જીવંત મેચ નિહાળતા પોલીસ જવાનો અને રમતપ્રેમી દર્શકોનું મનોબળ પૂરું પાડ્યું હતું. રમતગમતની સાથોસાથ મંત્રીશ્રીએ જૂથ-૩ મડાણાના સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) યુનિટ દ્વારા પ્રદર્શિત આપત્તિ વ્યવસ્થાપન સાધન-સામગ્રી અને ફિલ્ડ કામગીરીના એક્ઝિબિશનનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. કુદરતી કે માનવસર્જિત હોનારતો સમયે રેસ્ક્યુ ઓપરેશનમાં ઉપયોગમાં લેવાતા વિવિધ આધુનિક ગિયર ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને ઈમરજન્સી લાઈટિંગ સિસ્ટમ અંગે મંત્રીશ્રીએ ઉપયોગી ટેકનિકલ સૂચનો આપ્યા હતા અને પોતાના વહીવટી અનુભવના આધારે ડિઝાસ્ટર ટીમને કટોકટીની પળોમાં ત્વરિત કામગીરી માટે પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ખેલ પ્રદર્શન વચ્ચે રમાયેલી મહિલા ખો-ખો ફાઈનલમાં અમદાવાદ રેન્જ સામે શાનદાર રણનીતિ અને ઝડપ દર્શાવી વડોદરા રેન્જની મહિલા ટીમ વિજેતા બની હતી. જ્યારે પુરુષ વિભાગના રોમાંચક ફાઈનલ જંગમાં આર્મ્ડ યુનિટ અને જેલ વિભાગ આમને-સામને ટકરાયા હતા, જેમાં શરૂઆતથી જ દબદબો જાળવી રાખીને આર્મ્ડ યુનિટની ટીમે ચેમ્પિયન ટ્રોફી પોતાને નામ કરી હતી. મેચની પૂર્ણાહુતિ બાદ સેનાપતિશ્રી દિનેશસિંહ ચૌહાણ દ્વારા વિજેતા ટીમોને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ બિરદાવી હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત મદદનીશ સેનાપતિશ્રી આર. એલ. ડાંખરા દ્વારા મડાણા પધારેલી ખો-ખો મેચની ટેક્નિકલ ઓફિશિયલ ટીમને સ્મૃતિચિહ્ન (મોમેન્ટો) અર્પણ કરી, સમગ્ર સ્પર્ધાનું સુચારુ અને પારદર્શક સંચાલન કરવા બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો તેમ પોલીસ વાયરલેસ ઈન્સ્પેક્ટરશ્રી રા.અ.પો.દળ, જૂથ-૩, મડાણા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ભીલડી ખાતેથી બનાસ ડેરીના રૂ.૩૨૫ કરોડના આધુનિક પશુ સંવર્ધન કેન્દ્રનું લોકાર્પણ કરશે

ભીલડી BBBRC સેન્ટર શ્વેત ક્રાંતિમાં આધુનિક વિજ્ઞાનનો નવો અધ્યાય લખશે અને દેશી ગોવંશ સંવર્ધન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે નવી દિશા ચીંધશે:- ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી



બનાસ ની ધરતી પરથી કાંકરેજ, ગીર, સાહીવાલ, થારપારકર તથા મહેસાણી, બન્ની, જાફરાબાદી અને મુર્રાહ જેવી ઉત્તમ ગાય-ભેંસોની ઓલાદો તૈયાર થશે

કમલમ્, પાલનપુર

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦મી ઓક્ટોબર ૨૦૨૬, શુક્રવારના રોજ બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી બનાસ ડેરીના પાંચ મોટા વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે ભીલડી ખાતે ૧૨૭ એકર જમીનમાં રૂ. ૩૨૫ કરોડના ખર્ચે તૈયાર થયેલું અત્યાધુનિક 'ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર' (BBBRC) દેશના પશુપાલકોને અર્પણ કરશે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ટેકનિકલ માર્ગદર્શન અને કેન્દ્ર સરકારના 'રાષ્ટ્રીય ગોકુળ મિશન'ની મદદથી આકાર પામેલું આ કેન્દ્ર પશુઓની ઓલાદ સુધારવામાં અને ડેરી વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ માહિતી આપતા જણાવ્યું કે, આ કેન્દ્રમાં પશુઓ માટે ટેસ્ટટ્યૂબ બેબી જેવી આધુનિક પ્રજનન પદ્ધતિઓ (OPU-IVF) અને ગર્ભ પ્રત્યારોપણ જેવી અદ્યતન વૈજ્ઞાનિક તકનીકોનો ઉપયોગ કરવામાં આવશે. સામાન્ય રીતે ઉત્તમ ઓલાદની ગાય આખા વર્ષમાં માત્ર એક જ વાછરડું આપે છે, પરંતુ આ નવી ટેકનોલોજીની મદદથી શ્રેષ્ઠ ગાયમાંથી એક વર્ષમાં ઘણા બધા વાછરડાં મેળવી શકાશે. આ કેન્દ્રમાં દર વર્ષે ૨૫,૦૦૦ ઉત્તમ એમ્બ્રિયો તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેથી આવનારી દરેક નવી પેઢીનાં પશુઓ અગાઉ કરતાં વધુ દૂધ આપવાની તાકાત ધરાવતાં થશે. તેમણે જણાવ્યું કે, આજે ઘાસચારાની ઘટતી જગ્યા અને પશુઓના વધતા ખર્ચ વચ્ચે આ કેન્દ્રનો મુખ્ય વિચાર 'ઉત્તમ પશુ, વધુ ગુણવત્તાવાળાં પશુ અને વધુ દૂધ' મેળવવાનો છે. ભીલડી કેન્દ્ર ખાતે આપણી કાંકરેજ, ગીર, સાહીવાલ અને થારપારકર જેવી શ્રેષ્ઠ દેશી ગાયો તેમજ મહેસાણી, બન્ની, જાફરાબાદી અને મુર્રાહ જેવી ઉત્તમ ભેંસોની ઓલાદ સુધારવામાં આવશે. પશુઓની જાત સુધરવાથી દરેક પશુમાંથી રોજેરોજ વધુ દૂધ મળશે, જેથી પશુપાલન માત્ર ગુજરાન ચલાવવાનું સાધન ન રહેતાં વધુ નફો કરાવતો વ્યવસાય બનશે. આ કેન્દ્રનો સીધો લાભ ગામડાંના નાના પશુપાલકો અને ડેરીના કામમાં ૭૦ ટકા ફાળો આપતી ગ્રામીણ બહેનો સુધી પહોંચશે. ભીલડી ખાતે ઉછરેલા રોગ વગરના અને ઉત્તમ ઓલાદના સાંઢ, ગુણવત્તાવાળું સીમેન અને સસ્તા દરે સારા ગર્ભ પશુપાલકોના ઘરઆંગણે પહોંચાડવામાં આવશે. તેનાથી પશુપાલકોનો દૂધ ઉત્પાદન ખર્ચ ઘટશે, દૂધમાં ફેટનું પ્રમાણ વધશે અને પરિણામે ગામડાંના પશુપાલક પરિવારોની આવકમાં નોંધપાત્ર વધારો થશે. ખેડૂતોની સહકારી સંસ્થા બનાસ ડેરી, નિષ્ણાતોનું માર્ગદર્શન અને સરકારની સહાયનું આ કેન્દ્ર સમગ્ર દેશ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આપણી દેશી ગાયો અને ભેંસો ગરમી સામે ટકી રહેવામાં તેમજ ઓછા ખોરાકમાં પણ સારું દૂધ આપવામાં સક્ષમ છે, જેના કારણે આ કેન્દ્ર દ્વારા ભારતીય પશુઓની ઓળખ વૈશ્વિક સ્તરે પણ મજબૂત બનશે. ભીલડીની ધરતી પરથી શરૂ થનાર આ પહેલ ભારતના ડેરી ક્ષેત્રને વધુ મજબૂત અને પશુપાલકોને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મોટું પગલું સાબિત થશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028